અહેવ ૯૨

# આદિવાસી વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના સામાજિક કાર્યકરોનું સંમેલન

૧૭. માર્ચ, ૧૯૭૯

આદિવાસી કેન્દ્ર અમદાવાદ.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૭૯

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક |
| --- | --- | --- |
| ૧ | સામાજિક કાર્ય અને આદિવાસી વિકાસ | |
| ૨ | આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો | શ્રી રાસ બિહારી લાલ,<br>ડો. સિધ્ધરાજ સોલંકી |
| | અંગ્રેજીમાંથી ભાવાનુવાદ | શ્રી મુસ્તાઅલી મસવી |
| ૩ | આદિવાસી શિક્ષણના સંખ્યાત્મક અને ગુણાત્મક ~~અને ગુણાત્મક~~ સુધારા માટે સંરચનાત્મક અને પ્રબંધાત્મક નિક્ષેપ (રોકાણ) | ડો. ઠા. ભા. નાયક |
| ૪ | આશ્રમશાળાઓનો આદિવાસી સમાજના વિકાસમાં ફાળો | કાદમ્બરીબહેન દવે |


...

સંશોધ
તેમજ
અધિક
યોજન
દબાણ
સાથો
ભાગ

સંસ્થા
આધિ
લીધ
કહે
આગ
લેન
જો

શોધ
આ
સ્વર
રીત
જગ
રહે
કા
કા
રી
જા
સ
પૂ
પ્ર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## સામાજિક કાર્ય અને આદિવાસી વિકાસ

છેલ્લા માસમાં ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી સંશોધન અને આદિવાસી વિકાસ પર એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં સંશોધનકારો તેમજ આદિવાસી વિસ્તાર પ્રાયોજનામાં કામ કરતા પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટરોનો તેમજ અન્ય ખાતાઓના અધિકારીઓને એક મંચ પર લાવી આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ જુદી જુદી વિકાસ યોજનાઓનો અમલ સારી અને સફળતાપૂર્વક થાય અને યોજનાઓનો લાભ આદિવાસી સમાજના દબાયેલા અને કચડાયેલા સમૂહને વધુ પ્રમાણમાં મળે તે માટે વિસ્તૃત ચર્ચા-વિચારણા થઇ હતી. સાથો સાથ આનો સફળતાપૂર્વક અમલ માટે વિવિધ ક્ષેત્રે કામ કરતી સામાજિક સંસ્થાઓ કેવો ભાગ ભજવી શકે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આપણે જાણીએ છીએ તે મુજબ અન્ય રાજ્યોની સરખામણીમાં આપણા રાજ્યમાં સામાજિક સંસ્થાઓનો પાયો ઘણો જ સંગીન છે. આપણે જાણીએ છીએ તે મુજબ બ્રિટિશ સરકારની નીતિ આદિવાસી વિસ્તારનો વહીવટ 'અલગ વહીવટી વિસ્તારો' પાડીને ચલાવવાની હતી. આ કારણને લીધે આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી મિશનરીઓને પ્રવૃત્તિનો સારો એવો વેગ મળ્યો હોવાનું પણ કહેવાય છે. આ અલગ વહીવટ વિસ્તારો રાખવાની નીતિમાંથી આદિવાસીઓને અલગ રાખવાનો આગ્રહ જન્મ્યો હતો. પરંતુ આ આગ્રહનો જોરદાર વિરોધ આદિવાસીઓની સેવા માટે આજીવન ભેખ લેનાર પૂ. ઠક્કરબાપાએ કર્યો હતો, અને એમણે આદિવાસીઓને બહુજનસમાજમાં ભેળવી દેવાનો જોરદાર અનુરોધ કર્યો હતો.

અંગ્રેજ શાસનકાળ દરમ્યાન આદિવાસીઓ પ્રતિ અન્યાય થઇ રહ્યો હતો. તેમનું આર્થિક શોષણ અનેક રીતે થઇ રહ્યું હતું. તેમનું જીવન પશુથી પણ બદતર કરી નાખવામાં આવ્યું હતું. આ બધા સામાજિક અન્યાયો સામે કોઇએ પણ વિરોધનો સૂર તે જમાનામાં ઉઠાવ્યો નહોતો. સ્વરાજની લડત શરૂ થઇ, આદિવાસી ક્ષેત્રોમાં પણ સુધારાનો પવન વાવા માંડ્યો. એમણે પોતપોતાની રીતે કોઇને કોઇ સુધારાઓ દાખલ કરવા માંડ્યા. પૂ. બાપુએ દેશની સુષુપ્ત ભાવનાઓ, આકાંક્ષાઓ જગાડી. આદિવાસીઓ, હરિજનો તેમજ કચડાયેલી જાતિઓ પ્રત્યે જે અન્યાય હિન્દુ સમાજ કરી રહ્યો હતો તે તરફ ધ્યાન દોર્યું. તે અન્યાય દૂર કરવા હાકલ કરી અને દેશને રચનાત્મક કાર્યક્રમ આપ્યો. પૂ. ગાંધીજીના કહેવાથી ઠક્કરબાપા પંચમહાલના ભીલોમાં દુકાળ રાહતનું કામ કરવા આવ્યા હતા. પૂ. ઠક્કરબાપાને પંચમહાલના આદિવાસીઓનો પરિચય થયો. તેમના રીતરિવાજો, રહેણીકરણી, આર્થિક સ્થિતિનો તેમણે અભ્યાસ કર્યો, તેમની નિ:સહાય દશા અને શોષણ જોયાં. રાહતકામની સાથે સાથે તેમણે શાળાઓ સ્થાપી. ૧૯૨૨ માં દાહોદ અને ઝાલોદ તાલુકાઓની સરહદે આવેલ મીરાખેડી ગામમાં એક આશ્રમશાળા શરૂ કરી, અને ભીલ સેવા મંડળની સ્થાપના કરી. પૂ. બાપુના અસહકારના રંગે રંગાયેલા યુવાનો એમને મળી ગયા. રાષ્ટ્રીય ભાવનાથી સ્થપાયેલી આ પ્રથમ સંસ્થા ગણાઇ. આ કામ માટે પૂ. ઠક્કરબાપાએ યુવાન કાર્યકરોને આકર્ષ્યા અને તેમને

આજીવન સેવાના વ્રતધારી કર્યા.

બારડોલી સત્યાગ્રહ પછી, બારડોલીમાં અને સુરત જિલ્લાના બીજા વિસ્તારોમાં હરિજન સેવા, આદિવાસી સેવા, ગ્રામોદ્યોગ અને ખાદી વગેરે કાર્યોને પૂ. બાપુના આદર્શોને જીવનમાં ઉતારનાર એવા સેવકો, શ્રી નરહરિભાઈ તેમજ પૂ. જુગતરામભાઈએ ઉપાડી લીધાં. તેમણે હળપતિઓ અને બીજા આદિવાસીઓમાં શિક્ષણ તેમજ ખાદીનું કામ કરી એમની સેવા કરી છે. તે સૌ રચનાત્મક કાર્યકરોને માટે તેમજ આદિવાસી સેવા સંસ્થાઓ માટે ઉત્તમ આદર્શ પૂરો પાડે છે. આ કામ સને ૧૯૨૮ માં શરૂ થયું અને પાછળથી તેને સંસ્થાકીય રૂપ અપાયું.

<u>ચર્ચાનો મુદ્દો ૧</u> : આદિવાસી વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનો ઇતિહાસ રચવો.

પૂ. બાપુનો આ રચનાત્મક કાર્યક્રમ સ્વરાજની લડતનો મુખ્ય કાર્યક્રમ હતો. દેશનું ઘડતર રચનાત્મક કાર્યક્રમથી જ થઇ રહયું હતું. રચનાત્મક કાર્યક્રમના અઢાર મુદ્દાઓમાં આદિવાસી કલ્યાણ કામને સ્થાન અપાયું હતું. સ્વરાજની લડતના સૈનિકોએ આ કામ ઉપાડી લઇ પહાડીઓ અને જંગલોમાં જઇ આદિવાસીઓમાં દેશ ભાવના જાગૃત કરી. તેઓ ભારતના જ નાગરિકો છે, સમાન નાગરિકો તરીકે તેમને જીવવાનો હકક છે તેનું તેમને ભાન કરાવ્યું. સમાજે તેમને કરેલા અન્યાયનું પણ ભાન કરાવ્યું. અને તેમનામાં સ્વાશ્રયની નવી શક્તિ પેદા કરી. 'આક વાત તો કહું કે આદિવાસી વિસ્તારમાં થયેલ સ્વૈચ્છિક સેવા કાર્યનો એક ક્રમબધ્ધ ઇતિહાસ હવે લખાઇ જવો જોઇએ. એનાથી વિકાસની પ્રક્રિયાઓમાં કેવાં ઐતિહાસિક, રાજકીય તથા સામાજિક કારણો કાર્ય કરે છે તે બધાની સૌને ખબર પડે. સામાન્ય નાગરિકોને રાજ્યના સ્થાનિક ઇતિહાસની એક રોચક બાજુનો ખ્યાલ આવે.' સ્વરાજ મળ્યા બાદ આદિવાસીઓના કામને મહત્વ આપવામાં આવ્યું. સામાજિક સેવા કરનારી સંસ્થાઓને પ્રતિષ્ઠા મળી અને દરેક રાજ્યમાં નાની મોટી સંસ્થાઓ સ્થાપવામાં આવી. ૧૯૪૭ની સાલમાં પૂ. ઠક્કરબાપાએ ભારતીય આદિમ જાતિ સેવક સંઘની સ્થાપના કરી. આ સંસ્થાની સાથે આજે અનેક નાની મોટી સંસ્થાઓ જોડાયેલી છે. આજે પણ સંસ્થા તેના પ્રમુખ અને ભારતના વડા પ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઇની સલાહ અને દોરવણીને પરિણામે આદિવાસીઓની નોંધપાત્ર સેવા કરી રહી છે.

સ્વરાજ મળ્યા પછી રાજય સરકાર અને ભારત સરકારે સામાજિક સેવાની સંસ્થાઓની ઉપયોગિતા સ્વીકારી છે. લોકતંત્રમાં સામાજિક સેવા સંસ્થાઓએ રાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિઓનો મોટો ભાગ ઉપાડી લેવો જોઇએ. સમાજને કાંઇક ઉપયોગી થવાની વૃત્તિ મનુષ્ય માત્રમાં છૂપાયેલી હોય છે તે વૃત્તિ જાગૃત કરીને તેને યોગ્ય વળાંક આપવો જોઇએ. સામાજિક સેવા સંસ્થા આ કામ સારી રીતે કરી શકે એમ છે. લોકશાહીના સફળ સંચાલન માટે લોકોનો ફાળો દરેક ક્ષેત્રે જરૂરી બન્યો છે. કલ્યાણ કામના આયોજનમાં અને સંચાલનમાં લોક સંસ્થાનો ફાળો લોકોમાં આત્મશ્રધ્ધા જગાડે છે. અને લોકોમાં સ્વાશ્રયની ભાવના જગાડે છે. પૂ. બાપુજીએ રચનાત્મક પ્રવૃત્તિને અગત્યનું સ્થાન આપી લોકતંત્રને મજબૂત અને સમૃધ્ધ બનાવ્યું છે. આદિવાસી લોકસેવાની સંસ્થાઓએ સારું કામ કર્યું છે. અને સરકારને દિશાસૂચન કર્યું છે. એમની જાગૃત્તિ આ સેવા સંસ્થાઓની ઠીક ઠીક અંશે આભારી છે. પૂ. ઠક્કરબાપા આ સેવાના અગ્રેસર ગણાયા. ભીલ સેવા મંડળ સ્થાપી એક નાના ક્ષેત્રમાં અખતરો કરી, તેનો વિસ્તાર દેશના જુદા જુદા

ભાગોમાં કરી આજીવન સેવાના વ્રતધારી સેવકો દ્વારા અનેક સેવા સંસ્થાઓનું તેમણ નિર્માણ કર્યું હતું. આ સંસ્થાઓ આજ આદિવાસીના ઉત્થાન માટે કાર્યરત છે.

ગુજરાતના જે જિલ્લાઓમાં આદિવાસીઓની વસ્તી વિશેષ પ્રમાણમાં છે તે દરેક જિલ્લાઓમાં એક યા તેથી વધારે સામાજિક સંસ્થાઓ કામ કરી રહી છે. ગુજરાતમાં કામ કરતી સંસ્થાઓ પૈકી ભીલ સેવા મંડળ અને રાની પરજ સેવા સભાએ આદિવાસીઓમાં સહકારી પ્રવૃત્તિનું કામ કર્યું છે. ગુજરાતમાં કામ કરતી અન્ય સંસ્થાઓએ મોટે ભાગે શિક્ષણનું કામ ઉપાડી લીધું છે. આદિવાસી વિસ્તારમાં આ સંસ્થાઓ બાલવાડીઓ, આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી શાળાઓ, છાત્રાવાસો વગેરે ચલાવે છે. તદુપરાંત આદિવાસી જંગલ મજદુર સહકારી મંડળીઓ સ્થાપી આદિવાસી મજૂરોને જંગલ કોન્ટ્રાકટરોના શોષણમાંથી મુકત કરી તેમનામાં સહકારની ભાવના દૃઢ કરી છે. મુંબઇ રાજયમાં મુ. મોરારજીભાઇના નેતૃત્વમાં જંગલના કોન્ટ્રાકટરોના શોષણમાંથી મુકત કરવા જંગલ મજદુર સહકારી મંડળીની યોજના રજૂ થઇ અને સ્વૈચ્છિક સંસ્થાઓએ આવી મંડળીઓની સ્થાપના કરી. તેને માર્ગદર્શન આપે, નિષ્ઠાવાન સારા કાર્યકર્તાઓ દ્વારા તેનું સંચાલન કરે, એવી ઇચ્છા આપણી છે. પંચમહાલ જિલ્લામાં ભીલ સેવા મંડળ, સુરત જિલ્લામાં રાની પરજ સેવા સમિતિ, ભરૂચ જિલ્લામાં આદિવાસી સેવા સંઘ, વડોદરા જિલ્લામાં પછાતવર્ગ સેવા મંડળ અને સાબરકાંઠામાં આદિવાસી સેવા સમિતિએ કામ કર્યું હતું. હવે જિલ્લા સંઘો થયા છે એટલે એ કામ જિલ્લા સંઘો કરે છે.

<u>ચર્ચાનો મુદ્દો ૨</u> : બધી સેવા સંસ્થાઓની એક સંપૂર્ણ સૂચિ જેમાં એમના કાર્યપ્રદેશો તથા ઇતિહાસનો પણ ઉલ્લેખ હોય એ જરૂરી છે. વ્યવસ્થિત કાર્ય સંગઠન માટે પણ આ ઘણું જરૂરી છે.

સેવા સંસ્થાઓની એક સંપૂર્ણ સૂચિ બનાવવી

આઝાદી પછી આદિવાસીઓના વિકાસ માટે જુદા જુદા ક્ષેત્રે ભૂતકાળમાં અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પરંતુ તેમાં ઝાઝી પ્રગતિ થઇ નથી. ગુજરાતના આદિજાતિ સમાજનો મોટો ભાગ દેશમાંના બીજા કેટલાક આદિજાતિ જૂથોની જેમ અલગ પડી જતો નથી તેમ છતાં ય એ વાત નિઃશંક છે કે આદિવાસીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે બિન આદિવાસી સમુદાયથી ઘણો પાછળ છે. આદિજાતિઓનાં કેટલાંક જૂથો જેવાં કે, કોટવાળિયા, કાથોડી, નાયકા, હળપતિઓ વગેરે ઘણા જ પછાત છે. આમ રાજયના જુદા જુદા આદિવાસી જાથો વિકાસના જુદા જુદા તબક્કે છે. તેથી આદિવાસી અને બિનઆદિવાસી સમાજના વિકાસના સ્તર વચ્ચેનો ગાળો જ નહીં પરંતુ આદિવાસીઓના પોતાના જુદા જુદા જૂથો વચ્ચેનો ગાળો પણ ઘટાડવાનો જરૂરી બને છે. આ હેતુ સિધ્ધ કરવા માટે બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન ગુજરાત રાજયમાં ત્રણ ખાસ વિવિધલક્ષી ઘટકો શરૂ કરવામાં આવ્યાં હતાં. ત્રીજી યોજના દરમ્યાન ભારત સરકારના ગૃહ ખાતાની મદદથી ગુજરાત રાજયના આદિવાસી વિસ્તારમાં ૪૯ આદિવાસી વિકાસ

<u>ચર્ચાનો મુદ્દો-૩</u>

આદિવાસી- બિન-આદિવાસી તથા આદિવાસી-આદિવાસી વચ્ચેનું અંતર કેમ ઘટાડીશું ?

ઘટકો શરૂ કરવામાં આવ્યાં હતાં. આ ઘટકો દ્વારા આદિવાસીઓના ઝડપી વિકાસ માટે અનેક વિધ યોજનાઓ દાખલ કરવામાં આવી હતી. પરંતુ આ યોજનાઓનું જોઇએ તેવું પરિણામ આવ્યું ન હતું. પાંચમી પંચવર્ષીય યોજનામાં આદિવાસીઓ માટે રાજ્ય યોજનાઓના માળખામાં રહીને આદિવાસી પેટા યોજનાઓ ઘડી કાઢવામાં આવી છે. રાજ્યમાં આદિવાસી વિસ્તાર પેટા યોજના આઠ જિલ્લાઓમાં લાગુ પાડવામાં આવી છે અને તે દ્વારા વિવિધ આર્થિક કાર્યક્રમો લાગુ પડાઇ રહયા છે. તેવા સમયમાં તેના અમલીકરણમાં સેવા સંસ્થાઓના સામાજિક કાર્યકરોનો તે વિસ્તારનો બહોળો અનુભવ અને કામ કરવાની પધ્ધતિનો લાભ મળે તે આશયથી આ સંમેલન ગોઠવવામાં આવ્યું છે. સાથો સાથ સામાજિક સંસ્થાઓના કાર્યકરો આદિવાસીઓના વિકાસ માટે કોઇ નવો અભિગમ અપનાવવો કે નહીં તે અંગે સલાહ સુઝાવ મેળવવાનો હેતુ પણ છે.

<u>ચર્ચાનો મુદ્દો ૪ :</u>

આદિવાસી પેટા યોજના વિષે આપણો અભિગમ, એના કાર્યક્રમો વિષે આપણી પ્રતિક્રિયાઓ. એના રોકાણ વિષે પણ વિચારવાનું છે.

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી રાજ્યની કુલ વસ્તીના ૧૪ ટકા જેટલી છે. આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતી અને મજૂરી છે. આ સિવાય તેઓ જંગલ મજૂરી, જંગલ પેદાશ સંગ્રહ, પશુપાલન તેમજ ગૃહોદ્યોગના ધંધામાંથી થોડી ઘણી આવક મેળવી પોતાનું ગુજરાન ચલાવે છે. આપણ સૌ જાણીએ છીએ તેમ વર્ષોથી આદિવાસીઓનું શોષણ ગામડાના વેપારી અને શાહુકાર દ્વારા થતું આવ્યું છે અને આજે પણ તે ચાલુ છે. આ શોષણમાં તો હવે નવો વર્ગ જે સરકારી કર્મચારીઓનો તેમજ શિક્ષકો અને સુખી આદિવાસી ખેડૂતોનો પણ સામેલ છે.

<u>ચર્ચાનો મુદ્દો ૫ :</u>

આદિવાસીઓને શોષણ મુક્ત કરવા સમાજસેવી સંસ્થાઓ શું કરે ?

આદિવાસીઓની અનેક સમસ્યાઓમાં તેમનો શોષણમાંથી કેવી રીતે મુક્ત કરી શકાય તે અગત્યનું છે. અનેક રક્ષણાત્મક ધારાઓ હોવા છતાં તેમની જમીન વેચાણ લેવામાં આવે છે અને આદિવાસી મોટા ખેડૂત નાના ખેડૂત પાસેથી લહેણા પેટે જમીન ખરીદી લે છે. ૨૦ વર્ષ પહેલાથી એમની ગયેલી જમીન પાછી મળે એવો કાયદો થાય તે ઉપરાંત સહકારી સમિતિઓની રચના સિવાય એમને વિકસાવવાનો કોઇ ચારો નથી. કૃષિ સેવા સહકારી મંડળીઓ અને લેમ્પ્સ્ થવા જોઇએ. આ કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓનું અને કાર્યકરોનું છે.

<u>ચર્ચાનો મુદ્દો ૬ :</u>

સહકારી સમિતિનું માળખું કેમ મજબૂત બનાવીશું ? ઘણી જગ્યાએ તો સહકારી સમિતિઓ નથી ત્યાં શું કરીશું ? લેમ્પ્સ્ બનાવવા શું કરવું ?

ખેતીમાં પણ અનેક પરિવર્તનો આવ્યાં છે. આ પરિવર્તનોનો તેઓ લાભ લેતા થયા છે. પશુપાલનનો ધંધો જોઇએ તેટલો વિકસી શકયો નથી. આ દિશામાં રાજ્ય સરકારે સારી શરૂઆત કરી છે. શિક્ષણ ક્ષેત્રે જોઇએ તો રાજ્ય સરકાર અને ભારત સરકાર તરફથી અનેક પ્રયત્નો થયા છે. આદિવાસી વિકાસ નિગમ અને જંગલ વિકાસ નિગમ સ્થાપીને આદિવાસીઓના સર્વાંગી

<u>ચર્ચાનો મુદ્દો ૭ :</u>

આદિવાસી વિકાસ નિગમ તથા જંગલ વિકાસ નિગમની સાથે સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન

વિકાસ માટે રાજયમાં પ્રયત્નો થઇ રહયા છે. મરઘાં ઉછેર અને મત્સ્ય ઉછેર માટે પણ સરકાર સારી સહાય આપે છે. દૂધ મંડળીઓ પણ શરૂ થઇ રહી છે. અંબરનો પ્રચાર હજી પ્રારંભિક અવસ્થામાં છે. દીવાસળી બનાવવાનો ઉધોગ આ વિસ્તારમાં શરૂ કરવો જોઇએ. તે માટે આપણે કામ કરવું જોઇએ. આદિવાસી વિસ્તારોમાંથી જંગલો નાબૂદ થતાં જાય છે. હવે કયાંય જંગલ નથી જે પહેલાં હતું. જંગલ જવાથી આદિવાસીની આર્થિક સ્થિતિ તો પાતળી થઇ ગઇ છે. એમને ખાવાની વસ્તુઓ પણ ત્યાંથી મળતી તે હવે નથી મળતી. એમનામાં જંગલ પ્રત્યે પ્રેમ જગાડવા, જંગલો વધુ ઉગાડવા, જંગલના કાર્યક્રમમાં એમને વધુ ભેળવવા શું કરવું જોઇએ, એમાં

**ચર્ચાનો મુદ્દો ૮ :**
**જંગલ વિકાસ પ્રત્યે આપણો અભિગમ કેવો હોવો જોઇએ ?**

આપણે કયાં કેટલો ભાગ ભજવી શકીએ ? જે નાના નાના ઉધોગો વિકાસ અધિકારીઓ વ્યકિતગત અથવા સહકારી ધોરણે શરૂ કરાવી રહયા છે તેને આપણે શું મદદ કરી શકીએ ? આપણા પ્રયત્નોનો ઘણો મોટો ભાગ આમાં થઇ શકે તો જ આદિવાસી વિકાસ થશે. આને માટે શું કરીશું ?

પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ તેમનામાં ખાસ વધ્યું નથી. આદિવાસી અને બિન આદિવાસી સમાજ વચ્ચે શિક્ષણ ક્ષેત્રે ઘણું મોટું અંતર છે. આદિવાસી વિસ્તારમાં ગામે ગામે શાળાઓ ખોલવામાં આવી છે, સારી એવી સંખ્યામાં આશ્રમશાળાઓ છે. પરંતુ મોટાં પ્રમાણમાં આદિવાસી બાળકો ભણતાં નથી. તેમનામાં બગાડ અને અપવ્યયનું પ્રમાણ પણ વિશેષ જોવા મળે છે. પ્રાથમિક

**ચર્ચાનો મુદ્દો ૯ :**

શાળામાં બાળકો શિક્ષણ લેતાં નથી તો શા માટે તે આશ્રમશાળાનું નવું સ્વરૂપ આવવું જોઇએ. જાણી શિક્ષણ પધ્ધતિમાં કંઇક ફેરફાર કરવા જેવા છે. કેન્દ્રિય શાળાઓ પણ સ્થપાય. આશ્રમશાળાઓએ સારું કામ કર્યું છે એ આપણે જાણીએ છીએ પણ એવી શાળાઓ કેટલી ? એમનો પ્રભાવ આજુબાજુની પ્રાથમિક શાળાઓ પર ઘણો ઓછો છે. હજી પણ પહેલા ધોરણથી બીજા ધોરણમાં જનારાં લગભગ ૭૦ ટકા બાળકો ભણતર છોડી દે છે. વળી ચોથામાં આવતાં આવતાં બીજા ૧૦ ટકા છોડી દે છે. પ્રજાના ધન, સમય અને શકિતનો આ કેટલો બગાડ કહેવાય ? તો વધુ આશ્રમશાળાઓ થાય. સાથો સાથ ચાર પાંચ નિશાળોની વચ્ચે એક કેન્દ્રિય શાળા હોય ત્યાં બાળક રહે અને ભણે. એનો ઓછો ખર્ચ આવે એવી વ્યવસ્થા હોય તો શિક્ષણ ક્ષેત્રે અપવ્યય ઓછો થશે.

આશ્રમશાળાનું કાર્યક્ષેત્ર વિકસાવવું જોઇએ. સમાજને આર્થિક, સમાજિક, સ્વાસ્થ્યકીય સલાહો આપવાનું, એના રોજીંદા કામમાં મદદ કરવાનું, એના લોકોને નાટક, ખેલ આદિથી આનંદ પહોંચાડવાનું આદિ કામો અહીંથી થવાં જોઇએ. નવી નવી વાતોની જાણકારી પણ અહીંથી મળે. આશ્રમશાળા હવે સમાજશાળા ( Community Schools) હોવી જોઇએ.

આશ્રમશાળાઓ આપસમાં સ્પર્ધા કરે. બીજી શાળાઓ સાથે વાદવિવાદ, ખેલકૂદ સ્પર્ધા યોજે તો અને જ લાભ થશે. ઉપર જણાવેલી કેન્દ્રિય શાળાઓ પણ એમની સાથે જોડાયેલી રહે. જેથી ખાસ કરીને એ આસપાસની પ્રાથમિક શાળાઓના શિક્ષણ પર ધ્યાન રાખી શકે. આને માટે પ્રબંધમાં ફેરફાર થઇ શકવો જોઇએ. બાલવાડીથી માંડી આશ્રમશાળા સુધી સામાજિક સંસ્થાઓ આદિવાસી શિક્ષણ પર ધ્યાન આપે. એમાં મદદ કરવા માટે સામાજિક સંસ્થાઓ દ્વારા વાલી મંડળો રચાય. તેથી મારફતે આ બધું થાય તો કંઇ ફાયદો થશે ખરો. આપણે આ વિષે વિચાર કરવાનો છે.

પ્રાથમિક શાળાનું સંચાલન જિલ્લા શિક્ષણ સમિતિ કરે છે. આ સમિતિઓ આદિવાસી વિસ્તારના પ્રાથમિક શિક્ષણ ઉપર વધુ ધ્યાન આપી બગાડ અને અપવ્યયની માત્રા ઓછી કરે તે જરૂરનું છે. એમાં સેવા મંડળો કેવો ભાગ ભજવી શકે ?

**ચર્ચાનો મુદ્દો ૧૦ :**
આદિવાસી સાથે સંપર્ક કેમ કરવો ? એનો પ્રેમ કેમ સંપાદિત થાય ?

આરોગ્ય વિષે જોઇએ તો પણ લગભગ એવી જ પરિસ્થિતિ છે. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા છતાં તેનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી. કેટલાંક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દાકતર વિનાનાં અને દાકતર હોય તો દવા વિનાનાં છે. આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની પણ સમસ્યા છે. આદિવાસી વિસ્તારમાં કામ કરતા ખાસ કરીને નીચલા વર્ગના કર્મચારીઓ અને આદિવાસી સમાજ વચ્ચે પણ અલગપણું જોવા મળે છે. તેઓ એમનામાં ઓતપ્રોત થઇ શકતા નથી. અને ઘણીવાર તેમના પ્રશ્નો સમજવા પણ તૈયાર હોતા નથી. આ કારણ ને લીધે તેઓ લોકસંપર્ક કરી શકતા નથી. પરિણામે ઘણીવાર સુંદર યોજનાઓ ફળદાયી થતી નથી.

**ચર્ચાનો મુદ્દો ૧૧ :**
સ્થળાંતરિત આદિવાસી મજૂર વિષે આપણે શું કરી શકીશું ?

હાળીપ્રથા હજી કોઇને કોઇ ઠેકાણે ચાલુ છે. પોતાનાં ગામો છોડીને ઘણા આદિવાસી ખેતી ન હોવાના કારણે વધુ ને વધુ પ્રમાણમાં વિકસિત વિસ્તારમાં મજૂરી કરવા જાય છે. બારડોલી, મઢી, નવસારી, આણંદ, ખેડા, વડોદરા આ બધી જગ્યાએ આદિવાસી મજૂરી કરે છે. ત્યાં એને મજૂરી પણ પૂરતી મળતી નથી. આ સ્થળાંતર કરતા આદિવાસી મજૂરની સ્થિતિમાં સુધારા અને વિકાસ માટે કોઇ સુસંગત પગલું હજી ભરી શકાયું નથી. આ બધામાં આપણી ભૂમિકા શી રહેશે ?

છેલ્લા બે વર્ષથી રાજ્યમાં આદિવાસી વિસ્તાર પેટા યોજનાનો અમલ ચાલે છે. તેમ છતાં મોટા ભાગના આદિવાસીઓ આ યોજના હેઠળ કયી વસ્તુ માટે કેટલી રકમ મળે, કેટલી સહાય મળે, તે કયાંથી મેળવી શકાય એ બધી વસ્તુઓથી અજાણ છે. વિવિધ આર્થિક યોજનાઓ માટે કઇ સંસ્થા કે વ્યક્તિનો સંપર્ક સાધવો જોઇએ અને તે માટે કયા પ્રકારની વિધિ કરવાની છે આ એ પણ અજાણ હોય છે. ઘણીવાર તેમની આ અજ્ઞાનતાનો મોટે ભાગે ગેરલાભ પણ લેવાય છે.

રાજ્યની છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિસ્તાર પેટા યોજના રૂપિયા ૩૭૦ કરોડની છે. આટલો મોટો ખર્ચ આદિવાસી સમુદાય માટે કરવાનો હોય એનું સફળતાપૂર્વક અમલીકરણ કઇ રીતે થાય તે માટે જુદા જુદા વિસ્તારમાં કામ કરતા સામાજિક કાર્યકરોનો સથવારો જરૂરી બને છે. આ યોજના હેઠળ ખેતી, પશુ સંવર્ધન, સિંચાઇ, ગૃહોદ્યોગ, વન સંરક્ષણ, શિક્ષણ, આરોગ્ય વગેરે પાછળ મોટી રકમ ખર્ચવાની છે તેમજ વ્યક્તિગત ધોરણ પણ આદિવાસી વિસ્તારમાં અમલી બનતી દરેક યોજનામાં આદિવાસીઓ માટે ૫૦ ટકા સહાયનું ધોરણ સરકારશ્રી અપનાવે છે. આ યોજનાનું સંચાલન પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટરને કરવાનું હોય છે પણ એનું કામ તો સંકલનનું છે. જયારે સિંચાઇની યોજનાઓ, રસ્તાઓ, પીવાના પાણીની સુવિધાઓ વગેરે કામ પંચાયત હસ્તક જે તે વિષયના અધિકારીઓ કરે છે. એ આયોજન અને રોકાણ અંગે વિચારણા કરવી જોઇએ.

<u>ચર્ચાનો મુદ્દો ૧૨ :</u>

આ બધા કાર્યક્રમોની સફળતા માટે શું કરવું ? શું એમાં કશું અજુગતું છે ?

આ સંમેલનમાં આપણે આ અંગે ચર્ચા કરવાના છીએ. અને આ જાતના આર્થિક કાર્યક્રમો વિષે આપ શો વિચાર ધરાવો છો તેમજ તેનો સફળતાપૂર્વક અમલ શી રીતે થઇ શકે તે વિષે આપનો અભિગમ કેવો છે તે બધુ જાણવાનો શાસનની ઇચ્છા છે. આ કાર્યક્રમમાં અનેક યોજનાઓનું પુનરાવર્તન થયું છે ? એક જ યોજનાના ઘણાં પાસાં ખાતાઓ દ્વારા પુનરાવર્તન થાય છે ? શું યોજનાઓમાં એક સૂત્રતા નથી ? પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટરને શું કંઇ સત્તા નથી ? એમને કાર્યક્રમ સફળ કરવા શું કરવું જોઇએ ? ઘણી યોજનાઓમાં નૈતિક રીતે શું કંઇ અજુગતું છે ? બીડી બનાવવાનો ઉદ્યોગ કે મરઘાં ઉછેરવાં શું સારાં ગણાય ? નહીં તો કેમ ન ગણાય ?

<u>ચર્ચાનો મુદ્દો ૧૩ :</u>

યોજનાના મૂલ્યાંકનમાં આપણે શો ફાળો આપીશું ?

આપણાં વિકાસના કાર્યક્રમોના આયોજનમાં અમલીકરણમાં તેમજ મૂલ્યાંકનમાં કયી રીતે સહયોગ મેળવી શકાય અને આપણે કયી રીતે ભાગીદાર બનાવી શકાય તે અંગેની વિસ્તૃત ચર્ચા કરવાની છે.

<u>ચર્ચાનો મુદ્દો ૧૪ :</u>

નવા સેવકોની ભરતી અને તાલીમ વિષે વિચારવું જોઇએ.

કામ એટલું બધું છે અને આપણે કેટલા ઓછા છીએ ? કે એ કેવી રીતે ગોઠવાશે તે ગંભીર વિચારણાનો પ્રશ્ન છે. નવા નવા સેવકો કયાંથી લાવીશું ? થોડા વર્ષોમાં આપણે થોડા સુંદર અપવાદો બાદ કરતાં નવા સેવકો મેળવી શક્યા નથી. યુનિવર્સિટીઓ જે વિદ્યાર્થીઓને પાસ કરી સમાજમાં મોકલે છે તેમનામાં આદિવાસીઓની સેવા કરવાની લાગણી અને તમન્ના હોય એમ જણાતું નથી. ગુજરાત વિદ્યાપીઠ, વેડછી વિદ્યાપીઠ કે લોકભારતીમાંથી સેવકો આવે છે તો તેવા કાર્યકર્તાઓનો સેવા સંસ્થાઓમાં સમાવેશ કરવો જોઇએ. આ સેવકોની કેડર બનાવવી શું જરૂરી લાગે છે ? તેની પણ ચર્ચા કરવી જોઇએ. ભારતીય આદિમ જાતિ સેવક સંઘ મધ્યસ્થ સરકારની

સહાયથી આજીવન સેવકની યોજના અમલમાં મૂકી છે. એવી યોજના કરવા વિષે વિચારવું જોઇ સેવકો ક્યાંથી લાવવા એ ગંભીર રીતે વિચારીને આપણે યોજનાબધ્ધ રીતે ચાલવું જરૂરી છે. જે સેવકો છે તથા જે સેવા સંસ્થાઓ છે તેમને હવે સમાજસેવાની નવી નવી વિદ્યાઓ, નવી દિશાઓ, નવાં ક્ષેત્રોનું જ્ઞાન રહે, તેમાં સભાનપણે કામ થાય અને સુસંગઠિતતા રહે માટે એક એમનું ઓપચારિક મંડળ હોય તો બધાંનો વ્યાવસાયિક વિકાસ થાય. આપણને પણ વિચારવાનું મળે કે આપણે કેટલું કર્યું ? કેટલું નથી કર્યું ? આપણી ભૂમિકા કેવી રહી ? આપણા પ્રત્યે આદિવાસીઓની લાગણી કેવી છે ?

<u>ચર્ચાનો મુદ્દો ૧૫ :</u>

બધી સંસ્થાઓનું એક ઓપચારિક મંડળ બને જે સ્વસુધાર, સ્વમૂલ્યાંકન માટે સહાયક બને.

જે સેવકો છે તથા જે નવા આવશે તેમને તાલીમની જરૂર અવશ્ય રહેશે જ. તાલીમમાં આદિવાસીઓની સંસ્કૃતિ, આર્થિક સંગઠન તથા પ્રશ્નો વિષે જાણકારી હોય. સાથ સાથ સેવા કાર્યની તકનીકોનું જ્ઞાન પણ અપાય. આશ્રમશાળાઓ અને સરકારી સંસ્થાઓને ચલાવવાની તકનીકોનું જ્ઞાન પણ અપાય. હિસાબ કિતાબ રાખવાની પધ્ધતિઓ શીખવાય. શાસકીય અને પ્રશાસકીય કાર્યોનું જ્ઞાન એમની સાથે સંપર્ક રાખવાની જાણકારી પણ આપી શકાય. આવી તાલીમ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં આપી શકાય. અહીં એવી તાલીમ ઘણાં વર્ષોથી અપાય છે. એટલે એમને એમનો અનુભવ છે. તથા શીખવવાની પધ્ધતિઓનું જ્ઞાન પણ છે. આ વિચાર વિષે પણ આપણી પ્રતિક્રિયાઓ દર્શાવશો.

આ સાથે આપ સૌનું સંસ્થામાં ભાવભીનું સ્વાગત કરી ચર્ચા માટે આમંત્રણ આપું છું.

...

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો

લેખકો : શ્રી આર. બી. લાલ
ડૉ. સિધ્ધરાજ સોલંકી

અંગ્રેજીમાંથી ભાવાનુવાદ :
શ્રી મુસાઅલી મસવી

ભારતને આઝાદી મળ્યા પહેલાં જ દેશમાં આદિવાસીઓમાં સ્વૈચ્છિક સામાજિક સેવાના કાર્યનો પ્રારંભ થઇ ગયો હતો. રાષ્ટ્રીય જાગૃતિમાં ગ્રામકક્ષાએ તેમજ શહેર કક્ષાએ લોકોને સામાજિક પરિવર્તનના પ્રવાહમાં ભાગ લેવા માટે જાગૃત કર્યા હતા. સૌથી પ્રથમ ગાંધીજીએ રામરાજ્યનો મંત્ર આપી મોટા પાયા પર લોકોમાં જાગૃતિ આણવાનો પુરુષાર્થ કર્યો હતો.

ગાંધીવાદી અનુયાયીઓએ આદિવાસીઓમાં સેવાકાર્યની શરૂઆત કરી તે પહેલાં દેશના ઘણા આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી મિશનરીઓ સેવાકાર્ય કરતી હતી. તેઓએ આદિવાસીઓના શિક્ષણ તેમજ આરોગ્ય માટે સારું એવું કામ કર્યું હતું. આમ એકંદરે ખ્રિસ્તી મિશનરીઓએ સૌ પ્રથમ આદિવાસી વિસ્તારોમાં કલ્યાણના કાર્યક્રમો શરૂ કર્યા હતા. પરંતુ આ કાર્ય કરવા પાછળ તેમનો મુખ્ય આશય લોકોને ધર્મ પરિવર્તન કરાવવાનો હતો. આનો અર્થ એવો નથી કે તે સમયમાં આદિવાસીઓ માટે સ્વૈચ્છિક સામાજિક સેવાનું કાર્ય ઓછું મુશ્કેલભર્યું હતું. આમ છતાં ખ્રિસ્તી મિશનરીઓએ દૂર દૂરના વિસ્તારોમાં પોતાનાં થાણાં નાખ્યાં હતાં અને આદિવાસીઓને માટે સેવાનું કાર્ય કરતા હતા. આવા સમયે તેમને બીજા ધર્મનો સામનો કરવો પડતો ન હતો. જેથી તેઓ મોટી સંખ્યામાં આદિવાસીઓને ધર્મ પરિવર્તન કરાવી શકયા હતા. અંગ્રેજો કે જેઓ આપણા દેશ પર રાજ્ય કરતા હતા તેઓ પણ તેમની તરફેણ કરતા હતા. આ લેખનો આશય મોટા પાયા પર ધર્મ પરિવર્તન માટે સ્વૈચ્છિક સમાજ સેવાની ચર્ચા કરવાનો નથી. પરંતુ સ્વૈચ્છિક સમાજ સેવા દ્વારા રાષ્ટ્રીય વિકાસ અને લોકશાહી સંસ્થાને કઇ રીતે મજબૂત કરી શકાય તે જ ચર્ચામાં છે.

### સ્વૈચ્છિક પ્રયાસનો ખ્યાલ :

સીધી સાદી ભાષામાં કહીએ તો સ્વૈચ્છિક પ્રયાસ એટલે જરૂરિયાત વાળાને વ્યક્તિ અથવા સમૂહ મદદ કરવી તેવો થાય છે. વ્યક્તિગત ધોરણે અથવા સંસ્થા દ્વારા સમાજ સેવા માટે સ્વૈચ્છિક પ્રયાસ થઇ શકે. પહેલા દાખલામાં વ્યક્તિ સામાજિક કાર્યકર તરીકે અને બીજામાં સ્વૈચ્છિક સમાજ સેવા સંસ્થા તરીકે ઓળખાય છે. આ અંગે અગત્યની વસ્તુ એ છે કે સામાજિક કાર્યકરને તેની સેવાના બદલામાં કંઇ પણ મહેનતાણું ચૂકવવામાં આવતું નથી. અથવા તો તેને ખર્ચ જેટલું ચૂકવવામાં આવે સામાજિક કાર્યકરો સામાજિક સંસ્થાઓમાં કાર્ય કરે છે.

પહેલાંના સમયમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો વહીવટી અમલદાર સાથેનો નાતો નહીવત્ હતો. પરંતુ હવે આ વસ્તુ અદૃશ્ય થતી જાય છે. આઝાદી પછી સરકાર પણ સ્વૈચ્છિક સંસ્થાના કાર્યને મહત્વ આપે છે. તદુપરાંત આઝાદી પછી સ્વૈચ્છિક સંસ્થાઓનું કાર્યક્ષેત્ર પણ વધ્યું છે. તેમજ નાણાંકીય જરૂરિયાતો વધવાને લીધે તેમને પણ સરકાર પર આધાર રાખવો પડે છે. આઝાદી પછી આદિવાસીઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થતા કલ્યાણ કાર્યોને વધુને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. આદિવાસીઓ

આર્થિક ઉત્થાન કોઇ એક સંસ્થા દ્વારા શકય નથી. આથી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તેમના આર્થિક ઉત્થાનના કાર્યમાં ઘણી રાહતો આપવામાં આવી રહી છે. ત્રીજી પંચવર્ષીય યોજનામાં સ્વૈચ્છિક સંસ્થાઓ માટે નીચે મુજબ કહેવામાં આવ્યું હતું :

૧. જાહેર સેવાઓ વધારવાની સાથો સાથ જાહેર સેવાની નીતિ તરીકે આદિવાસીઓના ઉત્થાનના કાર્ય માટે સ્વૈચ્છિક સંસ્થાઓને મજબૂત કરવી જોઇએ.

૨. સ્વૈચ્છિક સંસ્થાએ પ્રચારના કાર્ય સિવાય શાળાઓ, ઔદ્યોગિક કેન્દ્રો તેમજ ગૃહ મંડળીઓ ખોલી સહાયભૂત થવું જોઇએ.

આપણે આગળ જોયું તેમ જયારે ગાંધીજીએ સ્વાતંત્ર્ય માટે ચળવળ ઉપાડી ત્યારે ઘણા આદિવાસી સમુદાયોમાં રાષ્ટ્રવાદની ભાવના તેમજ જાગૃતિની ભાવના આવી હતી. ગાંધીજીએ તેમના અનુયાયીઓને દલીતોમાં કાર્ય કરવાની પ્રેરણા આપી હતી. આ આદર્શથી પ્રેરાઇને ગુજરાતમાં જે ગાંધીવાદી અનુયાયીઓએ પોતાની સમગ્ર જીંદગી આદિવાસીઓના ઉત્થાન માટે અર્પણ કરવાનો નિર્ણય કર્યો હતો. ૧૯૨૧ માં ગુજરાતમાં સૌ પ્રથમ આદિવાસીઓ માટે એક સ્વૈચ્છિક સંસ્થાની શરૂઆત થઇ હતી.

સમગ્ર ભારતમાં ગુજરાત રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આદિવાસીઓના આર્થિક-સામાજિક ઉત્થાન માટે, જે કાર્યો થયાં છે તે દેશના અન્ય ભાગોમાં થઇ શકયા નથી. આમ એકંદરે જોતાં ગુજરાત રાજયમાં આદિવાસીઓમાટે સ્વૈચ્છિક સંસ્થાઓનો પાયો સંગીન છે.

**ગુજરાતમાં આદિવાસી વસ્તી :**

દાંતા તાલુકામાં પથરાયેલ ડુંગરોની હારમાળાથી શરૂ થઇ પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઉતરી પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લઇ દક્ષિણે આવેલ નાનછલ વિભાગમાંથી પ્રસાર થઇ સુરત જિલ્લાના માંડવી તાલુકાથી આગળ વધી વાંસદા, ડાંગ, અને ધરમપુર સુધી પહોંચતી પટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો ઉત્તરમાં અરવલ્લીની પર્વતમાળામાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્યની પર્વતમાળામાં અને દક્ષિણમાં સહ્યાદ્રીની પર્વતમાળામાં આવેલા છે. ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી આઠ જિલ્લામાં પથરાયેલી છે. ઉત્તરમાં સાબરકાંઠા અને બનાસકાંઠા, મધ્ય ભાગમાં પંચમહાલ, વડોદરા, ભરૂચ અને દક્ષિણમાં સુરત, વલસાડ અને ડાંગ આવેલા છે. આ જિલ્લાઓ સિવાય બીજા અન્ય ડુંગરાળ અને જંગલના પ્રદેશોમાં આદિવાસીઓની વસ્તી આવેલી છે. જૂનાગઢના જંગલ પ્રદેશમાં, કચ્છ, જામનગર અને નળસરોવરના વિસ્તારમાં આદિવાસી વસ્તી આવેલી છે. ગુજરાતમાં કુલ ૨૮ જાતિઓનો અનુસૂચિત જનજાતિઓમાં સમાવેશ કરવામાં આવેલો છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ રાજયમાં આદિવાસીઓની વસ્તી ૩૭,૩૪,૪૨૨ છે. જે રાજયની કુલ વસ્તીના ૧૩.૯૯ ટકા જેટલી થાય છે. આ ૨૮ જાતિઓમાંથી ૧૪ જાતિઓ મુખ્ય છે. જેમની વસ્તી રાજયની કુલ આદિવાસી વસ્તીના ૯૭ ટકા જેટલી છે. આ મુખ્ય જાતિઓમાંની ઉત્તરના વિસ્તારમાં ગરાસિયા, ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા અને ભીલોની વસ્તી મુખ્યત્વે છે. મધ્ય ભાગમાં ભીલ, પટલિયા, ધાનકા નાયકા અને રાઠવાઓની અને દક્ષિણની પટીમાં મુખ્યત્વે દૂબળા, ગામીત, કોંકણા, ધોડિયા, ચૌધરી

વારલી, કુનબી અને કોટવાળિયા છે. સૌથી વધુ આદિવાસીઓની વસ્તી ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ અને પંચમહાલ જિલ્લામાં છે. કુલ આદિવાસી વસ્તીમાં ૯૪ ટકા વસ્તી ગામડાંમાં વસે છે જ્યારે માત્ર ૬ ટકા વસ્તી શહેરોમાં વસે છે.

## શોષણ અને જમીન અપહરણ :

સૌથી પહેલાં બ્રિટિશ શાસનકાળ દરમ્યાન આદિવાસીઓના આર્થિક ઉત્થાન માટેનો પ્રશ્ન ઊભો થયો હતો આ પહેલાં મરાઠા અને મુસ્લીમ શાસન દરમ્યાન તેઓ જંગલો અને ડુંગરોમાં એકલવાયું જીવન જીવતા હતા. સૌથી પહેલાં બ્રિટિશ શાસન દરમ્યાન આદિવાસી વિસ્તારોને રાજકીય અંકુશ અને બહારના વહીવટકર્તાઓના નિયમન નીચે મૂકવામાં આવ્યા. આદિવાસી વિસ્તારોમાં રસ્તાઓ અને વાહનવ્યવહારનાં સાધનોની સગવડો વધતાં બિન આદિવાસીઓ આદિવાસી વિસ્તારમાં દાખલ થયા. અને આદિવાસીઓનું શોષણ બિન આદિવાસી શાહુકારો, વેપારીઓ, જંગલ કોન્ટ્રાક્ટરો અને સરકારી અમલદારોના હાથે થવા લાગ્યું. આ શોષણમાં આદિવાસીઓની જમીનો તેમના હાથમાંથી ઝૂંટવાઇ ગઇ. બ્રિટિશરોએ ગુજરાતમાં રૈયતવાળી પ્રથા દાખલ કરી અને ખેડનારને માલિક બનાવ્યા. પરંતુ રૈયતવાળી પ્રથામાં વારસાગત જમીન માલિકો અને ખેડૂતો વચ્ચેનો કોઇ તફાવત જણાવવામાં આવ્યો નહોતો. આને લીધે મૂળ જમીન માલિકોના હાથમાંથી જમીનો સરકી ગઇ. જ્યારે બીજી તરફ વસ્તીના દબાણને કારણે ખેડવા લાયક જમીનની માંગ વધવા લાગી. આને લીધે જમીનની સાથે વધી. અને આદિવાસીઓ દેવાદાર થવા લાગ્યા. અને આદિવાસી પોતાની જમીન શાહુકાર અને વેપારીને ત્યાં ગીરો મૂકી અને ધીમે ધીમે જમીન ગુમાવતા ગયા. આમ આદિવાસી વિસ્તારોમાં જમીન અપહરણના પ્રવાહને લીધે અન્ય બિન આદિવાસી સમુદાયો પણ આદિવાસી વિસ્તારમાં જવા માટે આકર્ષાયા અને ધીમે ધીમે તે વિસ્તારોમાં સ્થાયી બન્યા.

વીસમી સદીની શરૂઆતમાં બ્રિટિશરોએ નવી કરનીતિ 'મદ્રાસ પ્રથા' દાખલ કરી હતી. આ નીતિની શરૂઆત પહેલાં આદિવાસીઓને દારૂ અને તાડી ગાળવાની છૂટ હતી. આ કાયદા દ્વારા આદિવાસીઓના દારૂ ગાળવા પર અંકુશ મૂકવામાં આવ્યો. અને દારૂના વેચાણના પરવાના બિન આદિ-વાસી વેપારીઓને અપાયા. આ રીતે સરકારે શોષણનો રસ્તો ખોલી દીધો. આ અંગે દેસાઇ લખે છે કે 'આદિવાસીઓએ દારૂ અને તાડી બનાવવાનો હક્ક ગુમાવ્યો પરંતુ તેમની પીવાની ટેવ ચાલુ રહી.' તેમની પાસે પૈસા નહોતા. અને તેઓ નાણાંના વહેવારથી ટેવાયેલા નહોતા, તેઓ મોટે ભાગે મજૂરીના બદલામાં દારૂ પીતા હતા. તેઓ કઇ રીતે પૈસા ગણવા તે પણ જાણતા નહોતા. આમ, નાણાં વિનિમય દ્વારા તેમનું શોષણ થવા લાગ્યું.

## સુધારાની ચળવળનો ઉદય :

આદિવાસીઓ ગરીબ અવસ્થામાં જીવન જીવતા હતા. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું. તે સમયમાં તેમને ભણાવવા માટેના પ્રયત્નો પણ ઓછા થયાં હતા. કેટલાક યુવાનો સોનગઢની શાળામાં ભણતા હતા, શાળાની શરૂઆત ગાયકવાડ સરકાર દ્વારા થઇ હતી. આ યુવાનોમાં કેળવણીને લીધે જાગૃતિ આવી હતી અને તેમના સમાજમાં રહેલા દુષણો વિષે વિચાર કરતા થયા. તેમના સમાજમાં પરિવર્તન લાવવા માટે તેમણે સુધારાની ચળવળ શરૂ કરી. ૧૯૦૫ માં 'રાની પ્રદેશ હિતવર્ધક સભા'ના નેજા હેઠળ ત્રણ દિવસનું એક સંમેલન બોલાવવામાં આવ્યું હતું. આ સંમેલનમાં

સમાજમાં સુધારાઓ દાખલ કરવા માટે સાતેક ઠરાવો પસાર થયા હતા. જેઓ આ સુધારાવાદી ચળવળના અનુયાયીઓ બન્યા તેમને 'એકડા' (જૂથ) ઊભું કરવાનું કહ્યું. અને તેમને આ જૂથમાં વધુમાં વધુ માણસોને લાવવા માટે કહેવામાં આવ્યું. આ પ્રયત્નોને બહુ સફળતા ન મળી. અને આમાં બહુ ઓછા માણસો જોડાયા. આ પછી સુરત, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાઓમાં ધાર્મિક ચળવળનો પ્રવાહ શરૂ થયો. સુરતમાં દેવી ચળવળે વધુ જોર પકડ્યું અને મોટા પ્રમાણમાં આદિવાસીઓ આ ચળવળથી આકર્ષાયા. આને કારણે આદિવાસીઓએ દારૂ અને માંસાહાર છોડયો. જ્યારે બીજી બાજુ વહીવટકર્તાઓનો જુલમ વધ્યો. અને એમ કહેવાય છે કે બે ત્રણ માણસો આદિવાસીને પકડતા અને જે રીતે ભેંસના મોંઢામાં જેરંડીયું નાખવામાં આવે છે તે રીતે આદિવાસીઓના મોંઢામાં દારૂ અને તાડી રેડવામાં આવતા. આદિવાસીઓ પ્રત્યેના આવા અમાનુસી વર્તનમાંથી બચાવવા માટે આજુબાજુના કેટલાક સામાજિક કાર્યકરો જાગૃત બન્યા. પરંતુ તેમને તે સમયના રાજ્યકર્તાઓએ સ્વૈચ્છિક સમાજ સેવા માટે આદિવાસી પ્રદેશમાં દાખલ થવા દીધા નહીં.

આ ધાર્મિક ચળવળને લીધે આદિવાસીઓ પર હિંદુ ધર્મની પ્રણાલીઓની અસર થઇ. આ ચળવળોને લીધે બદલાતા સમયને અનુરુપ તેમનામાં જીવન જીવવાની ઝંખના જાગી. આ રીતે મુશ્કેલીઓમાંથી બહાર આવવા માટેનો તેમનો એક પ્રયત્ન હતો. પાછળથી આ ચળવળ ગાંધીજીની નેતાગીરીમાં ગુજરાતમાં સ્વૈચ્છિક પ્રયત્નો દ્વારા આદિવાસીઓના વિકાસના કાર્યક્રમો કરવા માટેની એક ઉમદા પ્રણાલી પડી.

જ્યારે ધાર્મિક ચળવળ ચાલી રહી હતી તે અરસામાં બ્રિટિશ રાજ્ય વહીવટ દરમ્યાન આદિવાસી વિસ્તારમાં ગાંધીજીએ ચળવળ શરૂ કરી. કેટલાક યુવાન કાર્યકર્તાઓ ગાંધીજીના આર્થિક સ્વાતંત્ર્ય અને ભારતની પ્રજાને દારૂણ અવસ્થામાંથી બહાર કાઢવાના વિચારોથી પ્રેરાઇને રચનાત્મક કાર્ય ઉપાડી લેવા માટે તૈયાર થયા. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ માટે પૂ. ગાંધીજીએ પોતે પોતાની રીતે રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી. ગાંધીજીએ બારડોલી તાલુકામાં તા. ૧-૨-૧૯૨૨ થી અસહકારની ચળવળ શરૂ કરી દીધી. પરંતુ પાછળથી ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચોરીચોરામાં હિંસક આંદોલન ફાટી નીકળતાં બારડોલી સત્યાગ્રહ પાછો ખેંચી લીધો.

બારડોલીની ચળવળ પાછી ખેંચી લીધા પછી ગાંધીજીએ પોતાની જીજ્ઞાસા સંતોષવા માટે હરહમેશ બારડોલી તાલુકાના લોકો ચળવળમાં કેવો રસ દાખવે છે તે જાણવાની ઇંતેજારી રાખતા. તેઓ આ ચળવળમાં ભાગ લેનાર યુવાનોની હરહમેશ ખબર રાખતા. તેમને કહેવામાં આવ્યું હતું કે તે સમયે બારડોલી તાલુકાની વસ્તી ૨૦ હજારની છે અને બાજુના વાલોડ મહાલની વસ્તી ૮૦ હજારની છે. આ ચળવળમાં કુલ વસ્તીના ૧/3 ભાગના લોકો જોડાયા હતા તે જાણી ગાંધીજી મુઝવણમાં મૂકાઇ ગયા હતા. એક અગ્રગણ્ય રાજ્યકર્તાએ તેમને કહ્યું હતું કે આ વિસ્તારના ૫૦ હજારથી ૫૫ હજાર આદિવાસી લોકો આ રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા નથી. આ સાંભળી ગાંધીજી ઘણા વ્યથિત થયા હતા અને કહેતા હતા કે ઇશ્વરની કૃપાથી સારું થયું કે હજી સુધી ચળવળ શરૂ થઇ નથી. જો તમે અડધા ભાગની વસ્તીને માનવી પણ ન ગણતા

હો તો તાલુકાના અર્ધા ભાગને લડવા લાગ્યો છે એમ કહી શકાય. અડધા માણસોથી આવી જંગી સલ્તનત સામે કઇ રીતે આંદોલન ચલાવી શકાય ? જો આ રીતની પરિસ્થિતિ પ્રવર્તતી હોય તો સૌથી પહેલાં આપણને આદિવાસી સમાજમાંથી નિરક્ષરતા અને પછાતપણું કે જે ઘર કરી બેઠાં છે તેને કાઢવાં પડશે અને તેમને સામાજિક રીતે જાગૃત કરવા પડશે. ગાંધીજીના આ આદેશથી કેટલાક સામાજિક સેવાના કાર્યો માટે આદિવાસી વિસ્તારોને પસંદ કર્યા.

આ પછી બારડોલી સત્યાગ્રહ બહોળી આદિવાસી વસ્તીવાળા વિસ્તારમાં શરૂ થયો અને હજારોની સંખ્યામાં આદિવાસીઓને આ ચળવળમાં ભાગીદાર બનાવ્યા. બારડોલી સત્યાગ્રહની આદિવાસીઓપર પડેલી અસર વિષે ટાંકતાં શ્રી દેસાઇ લખે છે કે 'આ ચળવળને લીધે લોકો પર સુધારાનું મોજું ફરી વળ્યું. જેમને અત્યાર સુધી જંગલી માનવામાં આવતા હતા તેઓ હવેથી બાંધવો અને મિત્રોની ભાવનાથી જોવાવા લાગ્યા.'

આ વિસ્તારના લોકોને 'કાળીપરજ' અથવા 'કાળા લોકો' અથવા 'પછાત લોકો' તરીકે ઓળખવામાં આવતા હતા. ગાંધીજીના કહેવાથી આ શબ્દનો પ્રયોગ બંધ કરવામાં આવ્યો અને તેમનેમાટે 'રાની પરજ' (રાન એટલે ગુજરાતી ભાષામાં જંગલ અને પરજ એટલે લોકો) એટલે જંગલવાસીઓ તરીકે સંબોધવામાં આવ્યા. સૌથી પહેલાં ૧૯૨૩માં મહુવા તાલુકાના શેખપુર ગામે સરદાર પટેલના પ્રમુખપણા હેઠળ એક રાનીપરજ સંમેલન બોલાવવામાં આવ્યું. આ સંમેલનમાં કસ્તુરબા પણ હતાં. લગભગ ૨૦ હજાર આદિવાસીઓએ આ સંમેલનમાં ભાગ લીધો. પાછળથી ૧૯૪૧ સુધી આવું સંમેલન દર વર્ષે બોલાવવામાં આવતું હતું. ૧૯૨૪ અને ૧૯૨૬ માં અનુક્રમે વેડછી અને ખાનપુર ગામમાં ગાંધીજીના પ્રમુખપદે સંમેલન બોલાવવામાં આવ્યાં હતાં. સરદાર પટેલના પ્રમુખપણા નીચે પાંચ વખત સંમેલન બોલાવવામાં આવ્યું. આ સંમેલનો સિવાય ૧૯૩૮માં ભારતીય કોંગ્રેસનું અધિવેશન દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના હરિપુરા ગામમાં આદિવાસીઓને બ્રિટિશરો સામેની રાષ્ટ્રીય ચળવળ સામે જાગૃત કરવા તેમજ દેશના પ્રશ્નોથી પરિચિત કરવાના આશયથી બોલાવવામાં આવ્યું હતું.

જે વખતે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ માટે સ્વૈચ્છિક પ્રયત્નો થઇ રહયા હતા તે જ સમયે બીજા એક ગાંધી વિચારધારાના અનુયાયી શ્રી ઠક્કરબાપાએ પંચમહાલના ભીલોમાં પોતાનું કામ શરૂ કર્યું હતું. તેઓ ૧૯૧૮-૧૯ માં પંચમહાલમાં દુકાળના સમયમાં આવ્યા અને પાછળથી ૧૯૨૧-૨૨ માં તેમણે પંચમહાલના ભીલોની દુર્દશાનો જાત અભ્યાસ કર્યો અને તેમને આર્થિક દુર્દશામાંથી મુકત કરવા રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી. તેમણે ૧૯૨૨ ના ડિસેમ્બરમાં ભીલ સેવા મંડળની સ્થાપના કરી. ગુજરાતમાં આ સૌથી પહેલો સ્વૈચ્છિક પ્રયત્ન હતો.

આમ દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ૧૯૨૦ થી આદિવાસીઓના ઉત્કર્ષ માટેના પ્રયત્નો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શરૂ થયા. સમગ્ર ભારતમાં આ સૌથી પહેલો પ્રયાસ હતો. ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યને જાણવા માટે સૌ પ્રથમ આપણે બે અગત્યની સ્વૈચ્છિક સંસ્થાઓ 'રાનીપરજ સેવા સભા' અને 'ભીલ સેવા મંડળ' ના ઇતિહાસને જાણવો જરૂરી છે. આ બંને સંસ્થાઓએ દુર્ગમ આદિવાસી વિસ્તારોમાં સ્વૈચ્છિક પ્રયત્નોની શરૂઆત કરી છે. સાચા અર્થમાં તેમના પ્રયત્નો તેમના કાર્યના સંદર્ભમાં ઘણા મોટા અને મુશ્કેલ છે.

## રાની પરજ સેવા વેડછી ચળવળ

વેડછી એ રચનાત્મક પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું તે પહેલાં દક્ષિણ ગુજરાતમાં સ્વૈચ્છિક પ્રયત્નોની શરૂઆત બારડોલીમાં શરૂ થઇ ગઇ હતી. સર્વશ્રી કલ્યાણજીમહેતા, ડાૅ.સુમંત મહેતા, વામનરાવ ટામ્બનકર, ચોધરીકર, મણીભાઇ ત્રિવેદી વગેરે સામાજિક કાર્યકરોએ આદિવાસીઓને બિનઆદિ-વાસીઓના શોષણમાંથી મુકત કરવા માટે આદિવાસીઓમાં વિકાસ પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. કેટલાંક પ્રયત્નો ગાયકવાડ રાજયના સમયમાં પણ થયાં હતા. સને ૧૮૮૪માં વડોદરાના મહારાજા સયાજીરાવે નવસારીની મુલાકાત લીધી. તેમણે આદિવાસી વિસ્તારની મુલાકાત પણ લીધી હતી. શરૂઆતમાં આદિવાસીઓએ તેમના રસાલાને જોઇને નાસી છૂટતાં પરંતુ પાછળથી તેમને ભેટ સોગાદો આપી વિશ્વાસમાં લીધા અને જાતે તેમની આર્થિક-સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કર્યો. તેમની આર્થિક કંગાલિયત જોઇ તેમણે અનેક કલ્યાણ કાર્યો હાથધરવાનું નકકી કર્યું. સૌથી પહેલાં તેમણે સોનગઢમાં છાત્રનિવાસ સાથેની શાળા ખોલી. પાછળથી તેમણે વ્યારા, મહુવા, અનાવલ અને ચિખલીમાં શાળાઓ શરૂ કરી.

સૌથી પહેલાં ૧૯૦૫માં રાનીપરજનું સંમેલન બોલાવવામાં આવ્યું હતું. આ સંમેલનમાં આદિવાસીઓમાં સામાજિક દૂષણો, દેવુ અને શિક્ષણની સમસ્યાઓ વિશે ચર્ચા થઇ હતી. અમરસીંગ નામના આદિવાસી યુવાનને પ્રમુખ બનાવવામાં આવ્યો હતો. સમગ્ર વિસ્તારને અનેક પેટા વિસ્તારો કે જે "ચોરા"ના નામથી જાણીતો છે. તે રીતે વહેંચી નાંખવામાં આવ્યા હતાં અને આ પેટા વિસ્તારમાં સભ્યોને કામ કરવાનું સોંપવામાં આવ્યું હતું. ૧૯૧૩માં સોનગઢમાં સમુહ લગ્નનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એમ.એ. મસાણી તે સમયના વડોદરાના શિક્ષણ અધિકારી પ્રમુખપદે હતાં. ફતેહખાન શિક્ષક અને અમરસિંહે આ કાર્ય ઉપાડી લીધું હતું. ગાંધીજીના આદેશથી પ્રેરાઇને કેટલાંક આદિવાસી યુવાનોએ પોતાનું જૂથ ઉભું કર્યું હતુ અને દર શનિવારે તેઓ આદિવાસી ગામની મુલાકાતે જતાં અને ભજન કીર્તનનો કાર્યક્રમ ગોઠવતાં. આ પ્રવૃત્તિને કારણે ઘણા ગામડાઓમાં આવી મંડળીઓ અસ્તિત્વમાં આવી હતી. સામાજિક કાર્યકરોને માટે આ એક મોટો ફાયદો હતો. આ જૂથ સામાજિક કાર્યકરોનો પણ સંપર્ક સાધતું કે જેમણે આદિવાસીઓમાં રેંટિયો દાખલ કર્યો હતો અને તે દ્વારા કાપડની બાબતમાં આદિવાસીઓને સ્વાવલંબી બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. પૂ. બાપુની પ્રેરણાથી તેમના એક અનુયાયી મગનલાલે બારડોલીમાં સ્વરાજય આશ્રમની સ્થાપના કરી હતી. આ આશ્રમ સ્થાપવાનો મુખ્ય આશય કાંતણ દ્વારા હાથવણાટના કાપડનો ઉપયોગ આદિવાસીઓમાં પ્રચલિત કરવાનો હતો. રાની પરજ સંકટનિવારણમંડળ નામની સંસ્થા પણ શરૂ થઇ હતી. પારસી લોકો જેઓ મોટા જમીનદારો અને દારૂના પીઠાના માલિકો હતા તેમણે સંસ્થાની આ પ્રવૃત્તિઓનો વિરોધ કર્યો અને તેઓએ સામાજિક કાર્યકરો સામે ફોજદારી ગુનાઓ ના કેસો દાખલ કર્યા. આ પરિણામે ઉપરથી ૧૦૦ કાર્યકરોને પકડવામાં આવ્યાં. વ્યારાના ગોપાલજી દેસાઇ આદિવાસી કાર્યકરો પાસેની કોઇ પણ જાતની ફી લીધા વિના તેમના કેસો લડયા

૧૯૨૭માં આ સામાજિક કાર્યકરોએ શ્રી ઠકકરબાપાના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિ નિમી, જેમાં શ્રી જુગતરામ દવે, નરહરિ પરીખ, કિશોરલાલ મશરૂવાળા, કલ્યાણજી મહેતા અને છગનલાલ જોષી હતાં. આ કમિટિએ સોનગઢ, વ્યારા, મહુવા, ચિખલી, વલસાડ, પારડી, વાસંદા અને ધરમપુરની મુલાકાત લીધી આ સમિતિ મુખ્યત્વે ત્રણ નિષ્કર્ષ પર આવી. (૧) આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓના હાથમાં જતી હતી. (૨) દારૂને લીધે તેમની આર્થિક દુર્દશા થતી હતી (૩) આદિવાસી સ્ત્રીઓનું બિનઆદિવાસી પુરુષો દ્વારા શોષણ થતું હતું

૧૯૦૯ના દુકાળમાં આ વિસ્તારના આદિવાસીઓ દુષ્કાળને લીધે જમીન મહેસૂલ ભરી શકયા નહિ. પરંતુ આદિવાસી ગામોમાં વસતા બિનઆદિવાસી ખેડૂતોએ આદિવાસીઓનું જમની મહેસૂલ ભરપાઇ કર્યું અને તેમની પાસેથી જમીન ઝૂંટવી લીધી. તેમજ શાહુકારોનો નાણાંધિરવાનો ધંધો પણ ધીખતો ચાલ્યો આ સમિતિના સર્વેક્ષણ મુજબ પૈસા ધિરાણનો ધંધો બારડોલી તાલુકાના કંચેક ગામે, માંડવી તાલુકાના માંડવી મુકામે, વાલોડ તાલુકામાં બોધાન, વાલોડ અને

બુહારી ગામોમાં અને વ્યારા અને સોનગઢમાં ચાલતો હતો. અઠવાડિક બજારો પણ આદિવાસી વિસ્તારમાં શરૂ થયાં હતાં, જે લાંબે ગાળે આદિવાસીઓનું શોષણ કરનારાં મહત્વનાં કેન્દ્રો બની ગયાં હતાં. શાહુકારો અને વેપારીની સાથે સાથ ગામકક્ષાના મહેસૂલ અને જંગલખાતાના કર્મચારીઓ પણ આદિવાસીઓનું શોષણ કરવા લાગ્યાં હતાં. જ્યારે બીજી બાજુ પારસી જમીનદારો આદિવાસીઓને જાતિય સંબંધોમાં ફસાવતા હતાં.

આ કમિટિને પરિણામે સામાજિક કાર્યકરોની પ્રવૃત્તિઓ વધવા લાગી બારડોલી તાલુકાના ભુવાસણ ગામે શ્રી નરસિંહભાઇ પરીખે રાત્રિ શાળાની શરૂઆત કરી. બિનઆદિવાસી જમીનદારોએ આદિવાસીઓને શાળામાં જતા અટકાવ્યા અનેતેમાં તેઓ સફળ થયા. આના વિરોધમાં શ્રી નરહરિભાઇ પરીખે ઉપવાસ દ્વારા સત્યાગ્રહ શરૂ કર્યો. થોડા દિવસ પછી આ વિસ્તારના આગળ પડતા સામાજિક કાર્યકરોના કહેવાથી એ બિનઆદિવાસી જમીનદારોના કહેવાથી રાત્રી શાળા શરૂ થઇ. જો કે પાછળથી નરહરિભાઇએ ભુવાસણ છોડયુ અને રાત્રિ શાળા ચલાવવાની જવાબદારી શ્રી જુગતરામદવેએ ઉપાડી લીધી.

૧૯૨૪માં રાનીપરજનું સંમેલન કે જેનો ઉલ્લેખ આપણે અગાઉ કર્યો છે તેમાં ગાંધીજીની હાજરીમાં ચૌધરી આદિવાસી જાતિના નેતાઓ ભેગા મળ્યા. આ સામાજિક કાર્યકરોએ 'વેડછી'ને સ્વૈચ્છિક કાર્યક્રમો માટેનું મુખ્ય મથક બનાવવાનું નક્કી કર્યું. વેડછી ગામના એક આદિવાસી રૂપાભાઇએ ૩૭ એકર જમીન દાનમાં આપી. ૧૯૨૮માં વેડછીમાં રાનીપરજ વિદ્યાલય સ્થાપવામાં આવ્યું. બારડોલીના સ્વરાજ્ય આશ્રમમાં ૫૦ આદિવાસીઓને કાંતણ અને ખાદી વણાટ-કામની તાલીમ આપવામાં આવી. ખાદી દારૂનિષેધ અને શિક્ષણના પ્રચાર માટે અગ્રણી સામાજિક કાર્યકરો પોતાની પ્રવૃત્તિ બારડોલી થી ખસેડી વેડછી લઇ ગયાં. વેડછી ખસેડ્યા પછી વ્યારા તાલુકાના અલગઢ, પુના, ડોલવણ, કલમકુઇ, ગોલણ, કુંભિયા કસવા અને માંડવી તાલુકાના પારડી, સતવળ ગામમાં સત્યાગ્રહ છાવણીઓ શરૂ કરવામાં આવી. છેવટે આ છાવણી ઓને આશ્રમશાળાઓમાં ફેરવી નાંખવામાં આવી. આ પ્રયત્નોને લીધે મોટી સંખ્યામાં આદિવાસીઓ રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયા. જેઓ આ ચળવળની અસર તળે આવ્યાં તેમણે તેમના બાળકોને આશ્રમની શાળામાં મોકલવાનું ચાલુ કર્યુ. આદિવાસી યુવક-યુવતિઓને પણ સ્વચ્છતા અને ઘર સફાઇ અંગેનું શિક્ષણ આપવામાં આવ્યું.

૧૯૩૦માં 'દાંડીકૂચની ચળવળ ટાણે વેડછીના ઘણા કાર્યકરોને જેલમાં ધકેલી દેવામાં આવ્યાં અને આશ્રમની મિલ્કતો જપ્ત કરવામાં આવી હતી. અને સાત વર્ષમાટે આશ્રમને બંધ કરી દેવામાં આવ્યો. જો કે ૧૯૩૬માં પ્રજાકીય સરકાર સત્તાપર આવતાં જપ્ત કરેલી મિલકત પરત કરી દેવામાં આવી ફરીથી ૧૯૪૨માં આશ્રમશાળાના કાર્યકરોને જેલમાં ધકેલી દેવામાં આવ્યાં પરંતુ આ સમયે આશ્રમની મિલ્કત અગાઉથી એક ગામમાં ખસેડી દેવામાં આવી હતી. આશ્રમને સરકારે બંધ કરી દીધો હતો જે બે વર્ષ પછી ખોલવામાં આવ્યો હતો. આ રીતે આશ્રમની પ્રવૃત્તિઓ ૧૯૪૭સુધી આપી હતી. સ્વાતંત્ર્ય પછી સંસ્થાને બુનિયાદી શિક્ષણ આપતી શાળામાં ફેરવી નાંખી હતી. તે પછી તેમણે આ વિસ્તારમાં પોતાની પ્રવૃત્તિઓ ઝડપથી આગળ વધારી અને આ વિસ્તારના આદિવાસીઓના જીવનમાં મૂળભૂત પરિવર્તન આવ્યું.

૧૯૫૨માં આ જગ્યાએ અધ્યાપન મંદીર સ્થાપવામાં આવ્યું. આ સંસ્થામાંથી તૈયાર થતાં શિક્ષકોએ પાછળથી આશ્રમશાળાઓ, બાલવાડીઓ બુનિયાદી શાળાઓની સ્થાપના કરી. ૧૯૫૨માં રાજાપરજ સેવા સંઘની સ્થાપના થઇ. તેમના જંગલના પ્રશ્નોના નિરાકરણ માટે ૫૦ થી ૫૫ જંગલ મજૂર સહકારી મંડળીઓની સ્થાપના કરી. એજ રીતે હળપતિ સેવાસંઘે ઉકઇ નવનિર્માણ સમિતિ, ગ્રામધોળ સંઘ, ભૂમિહીનખેત મજૂર મંડળી, ગ્રામસેવા સમાજવગેરેની સ્થાપના કરવામાં આવી પાછળથી ૧૯૬૦ના અંત ભાગમાં ગાંધીવિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હતી. અહીં આદિવાસી યુવક યુવતિઓને માધ્યમિક શિક્ષણ પૂરૂ કર્યા બાદ બુનિયાદી તાલીમ આપી સ્નાતકની પદવી આપવામાં આવે છે.

આ રીતે વેડછી આદિવાસીઓનાં જીવનના પરિવર્તન માટેનું અગત્યનું મથક બન્યું. અહીંના સેવાભાવી અને નિસ્વાર્થ આદિવાસી અને બિનઆદિવાસી કાર્યકરોની એક હરોળ ઉભી થઇ, જેમણે આદિવાસી આર્થિકસામાજિક કલેવર બદલવાનો પુરૂષાર્થ કર્યો. આ બધા પરિણામોને લીધે આ વિસ્તારમાં આજે ૫ બાલવાડીમાં ૨૦૫ બાળકો, ૨૦ આશ્રમશાળામાં ૨૨૫૦ વિદ્યાર્થીઓ અને બે મહાવિદ્યાલયમાં ૨૦૮ વિદ્યાર્થીઓ, ૩૨ ઉત્તરબુનિયાદી શાળાઓ ૬૭૧૯ વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ રહયાં છે. ઉકઇ સર્વોદય અને ફૂલવાડી સર્વોદય કાર્યક્રમ હેઠળ ૧૩૬ ગામડાઓને કલ્યાણ પ્રવૃત્તિઓ હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. ૭૪ જંગલ મજૂર સહકારી મંડળીઓ કામકરી રહી છે જેમાં લગભગ ૧૨૦૫ આદિવાસીઓને રોજી આપવામાં આવી છે. વેડછી ચળવળની પ્રવૃત્તિઓની નામાવલિ બનાવવાનું આલેખમાં શકય નથી. પરંતુ એટલું જરૂર કહી શકાય વેડછી ચળવળ દ્વારા આદિવાસીના જીવનના અનેકવિધ પાસાંઓને સાંકળી લેવામાં આવ્યાં હતાં. આ સ્વૈચ્છિક સંસ્થાની પ્રવૃત્તિઓ દ્વારા મોટા પાયા પર આ વિસ્તારમાં ખેતીના વિકાસ કાર્યક્રમો, જમીનસુધારણા, સહકારી સંગઠન, સ્વાસ્થ્ય અને આરોગ્ય અને દારૂબંધીના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં હતાં.

૧૯૫૪માં વેડછી સઘન યોજના હેઠળ પંચવર્ષીય યોજના બનાવવામાં આવી હતી. આ કાર્યક્રમને પરદેશી સંગઠનો તરફની સહાય અપવામાં આવે છે. તેમણે અન્ત્યોદયની યોજના ઘડી કાઢી છે જેનો મુખ્ય આશય ગરીબમાં ગરીબ વ્યકિતને મદદ કરવાનો છે.

વેડછી ચળવળને પરિણામે આ વિસ્તારમાં અનેક નાનીમોટી સ્વૈચ્છિક સંસ્થાઓ ઉભી થઇ જેમને આ સંસ્થા તરફથી પ્રેરણા અને હૂંફ મળતા રહે છે.

**ભીલ સેવા મંડળ :**

આ સ્વૈચ્છિક સંસ્થાની સ્થાપના ૧૯૨૨ માં થઇ. સંસ્થાના પ્રણેતા શ્રી ઠક્કરબાપા આદિવાસી વિકાસનાં કામો માટે સામાજિક કાર્યકરોમાં અગ્રેસર ગણાય છે. શ્રી ઠક્કરબાપાએ પંચમહાલના ભીલોને કંગાલિયત તેમજ શોષણમાંથી મુક્ત કરવા માટે આ સંસ્થા સ્થાપવાનો નિર્ણય લીધો હતો. શરૂઆતમાં આ સંસ્થાની પ્રવૃત્તિ શિક્ષણ પૂરતી મર્યાદિત હતી. શ્રી ઠક્કરબાપાએ યોજના તૈયાર કરી ગુજરાત વિદ્યાપીઠને પ્રચાર માટે સોંપી હતી. તેમણે સહકારી ધીરાણ મંડળીઓ અને ગૃહોદ્યોગો અંગે કાર્યક્રમ ઘડી કાઢયો હતો. આ સંસ્થા ચલાવવા માટે તેમણે અનેક જગ્યાએથી દાન મેળવ્યાં હતાં. તેમણે ગરબાડા, જેસાવાડા, ગુલતોરા અને [illegible] ગામોમાં કેન્દ્રો સ્થાપ્યાં હતાં. ભીલ આદિવાસી જાતિનાં યુવક યુવતિઓને તેમણે આ સંસ્થા ચલાવવા માટે તૈયાર કર્યાં. તેમણે ૨૦ વર્ષ સુધી સતત કાર્ય કરી શકે તેવા યુવકોને આ સંસ્થામાં જોડયા. સંખ્યાબંધ કાર્યકતાઓએ આ રીતે કામ કરવાની તત્પરતા બતાવી. જે આ સંસ્થાનું એક મોટામાં મોટું લક્ષણ હતું. શ્રી સુખદેવભાઇ, શ્રી ડાહ્યાભાઇ નાયક, શ્રી મંગલદાસ આર્ય, શ્રી વણીકરદાદા, શ્રી અંબાલાલ વ્યાસ, શ્રી રૂપાજી પરમાર અને શ્રી ઇશ્વરલાલ વૈદ્ય એ ભીલ સેવા મંડળમાં જોડાવાની પ્રતિજ્ઞા લીધી. ૧૯૨૭ ની ૨૨ મી ફેબ્રુઆરીએ આ શપથ લેવામાં આવ્યા હતા. શ્રી ઠક્કરબાપા મુંબઇથી શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંતને પણ આ સંસ્થા ચલાવવા માટે લાવ્યા અને ૧૯૨૩ માં ઝાલોદમાં આશ્રમશાળાની સ્થાપના કરી. શ્રીકાંતભાઇને તેની દેખરેખ રાખવા નીમ્યા. શ્રીકાંતભાઇ મુંબઇના એક ધનાઢય કુટુંબમાંથી ગરીબ ભીલોની સેવા માટે આવ્યા હતા એ ઠક્કરબાપાની મહાન સિદ્ધિ ગણી શકાય. આ રીતે તેમણે ભીલ સેવા મંડળ ચલાવવા માટે અનેક સેવાભાવી કાર્યકર્તાઓને તૈયાર કર્યા.

ભીલ સેવા મંડળે અનેક પ્રાથમિકશાળાઓ, ઉત્તર બુનિયાદી શાળાઓ તેમજ સહકારી મંડળીઓ, સહકારી બેન્કો અને જંગલ સહકારી મંડળીઓની સ્થાપના કરી. આ મંડળના સંનિષ્ઠ કાર્યકર્તા શ્રી ડાહયાભાઇ નાયકના પ્રમુખપદે ૧૯૪૭ માં મુંબઇ રાજયમાં જંગલ સહકારી મંડળીના વિકાસ માટેની એક સમિતિ નીમવામાં આવી. તેમની ભલામણથી આ પ્રવૃત્તિને આગળ ધપાવવા માટે ઘણા ઉપાયો સૂચવવામાં આવ્યા.

ભીલ સેવા મંડળે શરૂઆતથી જ ભીલોમાં દારૂની બદી દૂર કરવાના પ્રયત્નો કર્યા હતા. તદુપરાંત ઘણા ભીલ ગામોમાં ખાદી પ્રચલિત કરી હતી. અને જયારે જયારે આ વિસ્તારમાં દુકાળ પડતો ત્યારે ઘણા મોટા પાયા પર રાહતના કાર્યો શરૂ કર્યા.

હાલમાં આ સંસ્થા ૧૯ છાત્રાલયો, ૧૪ આશ્રમશાળાઓ, ૫ ઉત્તર બુનિયાદી શાળાઓ, ૧ સ્ત્રી અધ્યાપન મંદિર, ૧ ગ્રામસેવિકા તાલીમ કેન્દ્ર, ૧૬ બાલવાડીઓ, ૪ દાયણ કેન્દ્રો, ૪ પ્રચાર કેન્દ્રો અને ૨ દારૂબંધીના પ્રચાર કેન્દ્રો ચલાવે છે. મંડળ દ્વારા પંચમહાલ જિલ્લામાં ૧૮ સહકારી જંગલ મંડળીઓ ચાલે છે. આ ઉપરાંત પંચમહાલ જિલ્લા સહકારી બેન્ક ચાલે છે જે દ્વારા આદિવાસી ખેડૂતોને ધીરાણની સગવડ આપવામાં આવે છે.

ભીલ સેવા મંડળને કારણે ભીલ સમાજમાંથી પણ ઘણા સેવાભાવી સામાજિક કાર્યકરો તૈયાર થયા. જેમાં મુખ્યત્વે શ્રી લાલચંદભાઇ નિનામા, તેમનાં પત્ની શ્રીમતી હિરાબહેન, શ્રી રૂપજીભાઇ પરમાર, શ્રી જાલજીભાઇ ડીંડોડ, શ્રી ચતુરભાઇ ડાંગી, શ્રી જવસીંગભાઇ સોલંકી, શ્રી દીતાભાઇ બામણીયા, શ્રી નરસિંહભાઇ હઠીલા વગેરે એ આજીવન, ભીલ સેવા મંડળમાં સેવા આપવાના શપથ લીધા છે.

પૂ. ઠક્કરબાપાની આગેવાની હેઠળ જે સામાજિક કાર્યકરો તૈયાર થયા તેમને દેશના અન્ય આદિવાસી વિસ્તારોમાં મોકલવામાં આવ્યા. દા.ત. અંબાલાલ વ્યાસને ઓરિસ્સાના આદિવાસીઓમાં અને વણીકરને મધ્ય પ્રદેશના આદિવાસી વિસ્તારમાં મોકલવામાં આવ્યા. શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંત સૌ પ્રથમ અનુસૂચિત જાતિ અને જનજાતિના કમિશ્નર નીમાયા. શ્રી ડાહ્યાભાઇ નાયકને તેમની ભીલોમાં નિ:સ્વાર્થ સેવાની કદરરૂપે રાષ્ટ્રપતિએ પદ્મશ્રીનું બિરુદ આપ્યું.

<u>ગુજરાત વિદ્યાપીઠ :</u>

આ સ્વૈચ્છિક સંસ્થાઓના ઘણા કાર્યકરો એ ગુજરાત વિદ્યાપીઠની પેદાશ છે. ગાંધીજીએ ૧૯૨૦ માં અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. આ સંસ્થાની સ્થાપનાનો મુખ્ય આશય એવા યુવક યુવતીઓ તૈયાર કરવાનો હતો કે જેઓ પોતાની માતૃભૂમિ માટે સેવાનાં કાર્યો ઉપાડી લે. ૧૫-૧૧-૧૯૨૦ના રોજના ઉદ્‌ઘાટન પ્રવચનમાં પૂ. ગાંધીજીએ કહ્યું હતું કે " મેં એવાં ઘણાં કાર્યો કર્યાં છે કે જેને માટે મને ગૌરવ છે. અને થોડાં માટે મને પસ્તાવો છે. ઘણાં કાર્યો મોટી જવાબદારીનાં મેં ઉપાડયાં છે પરંતુ મને કહેવા દો કે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ના જેવું બીજું એકય કામ મેં કર્યું નથી.

ગુજરાત વિદ્યાપીઠનું શિક્ષણ લીધા પછી સંખ્યાબંધ યુવકો આદિવાસી વિસ્તારમાં કામ કરવા ગયા. શ્રી ડાહ્યાભાઇ નાયક, ભીલ સેવા મંડળમાં અને શ્રી ચુનીભાઇ ભટ્ટ અને શ્રી ગોરધનદાસ ચોખાવાલા વેડછીમાં જોડાયા હતા. જેમ જેમ સ્વૈચ્છિક સંસ્થાઓ મજબૂત બનતી ગઇ તેમ તેમ તેની સામાજિક કાર્યકરોની જરૂરિયાત સંતોષવા તેઓ ગુજરાત વિદ્યાપીઠ પર આધાર રાખવા લાગ્યા. સ્વાતંત્ર્ય પછી ગુજરાત વિદ્યાપીઠ નિયમિત રીતે કામ કરતી થઇ ત્યારથી તેણે ઘણા કાર્યકરો તૈયાર કર્યા. જેમણે આવી સ્વૈચ્છિક સંસ્થાનું કાર્ય આપમેળે ઉપાડી લીધું. આજે પણ ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓમાં ગુજરાત વિદ્યાપીઠના સ્નાતકોએ જવાબદારી ઉપાડી લીધી છે.

ગુજરાત વિદ્યાપીઠનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ પણ એ જ રીતે ગોઠવાયો છે કે જેથી તેમને સૈદ્ધાંતિક તેમજ વ્યવહારિક જ્ઞાન મળી રહે. ગુજરાત વિદ્યાપીઠના સંખ્યાબંધ સ્નાતકો પોતાનું શિક્ષણ મળ્યા પછી પછાત અને આદિવાસી વિસ્તારમાં કામ કરવા માટે તત્પર રહે છે. વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક રીતે કાર્ય કરવાની તાલીમ મળતી હોવાથી તે સ્વૈચ્છિક

સંસ્થાઓ વિધાપીઠમાં તૈયાર થયેલી યુવક યુવતીઓને પોતાની સંસ્થાઓમાં જોડાવાનું ગોઠવે છે. આ રીતે સ્વાતંત્ર્યના વીસ વર્ષ સુધી ગૂજરાત વિધાપીઠના સ્નાતકોની ઠીક ઠીક મોટી સંખ્યામાં સ્વૈચ્છિક સંસ્થાઓમાં કાર્ય કરવા માટની મોટી માંગ રહેતી હતી. તેવી જ રીતે આદિવાસી વિસ્તારમાં આ બધી જ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા શિક્ષણના પ્રસારને કારણે ગૂજરાત વિધાપીઠને પણ પોતાના સ્નાતકના વર્ગો માટે સારી સંખ્યામાં વિધાર્થીઓ આદિવાસી વિસ્તારમાંથી મળતાં રહે છે. સ્નાતકની પદવી પછી સંખ્યાબંધ યુવક-યુવતીઓ પાછા પોતાના વિસ્તારમાં જઇ કામ કરવા લાગી જાય છે.

આમ શરૂઆતના દાયકાઓમાં સારી એવી સંખ્યામાં ગૂજરાત વિધાપીઠના સ્નાતકોએ આવી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાઇ આદિવાસીઓના ઉત્થાનનાં કાર્યો ઉપાડી લીધાં છે.

...

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

આદિવાસી વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના સામાજિક કાર્યકરોનું સંમેલન ૧૭ માર્ચ, ૧૯૭૯

## આદિવાસી શિક્ષણના સંખ્યાત્મક અને ગુણાત્મક સુધાર માટે સંરચનાત્મક અને પ્રબંધાત્મક નિક્ષેપ (રોકાણ)

- ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી શિક્ષણની ખૂબીઓ અને [illegible] ઓ ઉપર જણાવી છે. કયાં સુધારો થવા માંડયો છે અને તે કયાં કારણોએ થાય છે. તેમજ કયાં સુધારો નથી થતો અને તે પણ કયાં કારણોએ તેની ચર્ચા પણ સાથે સાથે થઇ છે. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે કેટલીક વાતો શિક્ષા સંરચનામાં કઇ કડી ખૂટે છે તેથી બરાબર થતી નથી તો કેટલીક વાતો શિક્ષણના પ્રબંધમાં હાજર નથી તેથી થતી નથી. આદિવાસીઓના શિક્ષણને સંખ્યાની તથા ગુણાત્મકતાની દ્રષ્ટિએ સુધારવી જ હોય તો વર્તમાન પ્રણાલીની સંરચના તથા પ્રબંધમાં કેટલીક નવી વાતો લાવવી પડશે. આને આપણે નિક્ષેપ (અં. inputs ) કહીશું. કારણ કે ધારણા એ છે કે આવા સંરચનાના તથા પ્રબંધના રોકાણથી શિક્ષામાં આપણે લગાવેલ સમય, સાધન, શક્તિ તથા ધનનો અધિક સદ્ઉપયોગ કરી અને વધાર સારાં પરિણામો લાવી શકીશું.

એટલું અહીં સ્પષ્ટ કહી દેવું જોઇએ કે આદિવાસી (તેમજ સામાન્ય) શિક્ષણને નવી દ્રષ્ટિએ વિચારવાનું તથા બીજી દિશામાં ઢાળવાનું પણ શકય છે. ( જે વિષે વિચારો ચાલે જ છે. પણ અહીં તો માત્ર એટલું જ માનીને આગળ ચાલીએ છીએ કે શિક્ષણનું નવીકરણ થશે પણ તેને વાર લાગવાનો સંભવ છે. ) તેટલા કાર્યો માટે આ નિક્ષેપોથી સારું પરિણામ આવતું હોય તો શું [illegible] ?

બાળવાડીઓ હોય ત્યાં બાળકોને શિક્ષણ સંસ્થામાં મોકલવાની તેમના માબાપને ટેવ પડે છે. તથા બાળક શિક્ષણ માટે જરૂરી આદતો પાડતું થઇ જાય છે. વળી તે પ્રાથમિક શાળા માટે તૈયાર પણ થાય છે. આદિવાસી ક્ષેત્ર માટે આ બધું જરૂરી છે. એટલે બાલવાડીઓને ખોલી દેવી જોઇએ.

પ્રાથમિક શાળાના વર્ગ ૧ નાનું બાળક બીજામાં કોઇ પણ ભોગે જવું જ જોઇએ. એટલે કે ધોરણ બીજામાંથી ઉઠી જવું શકય ન બનવા દેવું જોઇએ. આ તબકકે એને તો એક આંદોલન ચલાવી દેવું જોઇએ કે બાળક બીજા ધોરણમાંથી ઉઠી જશે જ નહીં. એવી જ રીતે એને ચોથામાં પછી ઉઠી જવા દેવાનું નથી.

આટલું થશે એટલે પછી બાળકો સાતમાં / દસમી સુધી દોડતાં ચાલી જશે. હજીય ભરતી બરાબર થતી નથી. ખાસ કરીને બાલિકાઓની ભરતી પર વધુ ભાર દેવાતો નથી. ભરતી માટે પ્રયાસો થાય છે પણ આંદોલન, એક સતત પ્રક્રિયાના રૂપમાં, એક સંસ્થાકીય કાર્યક્રમ

તરીકે એને લેવાવી જોઇએ.

આ ઉપરાંત એ પણ જોયું કે જે ક્ષેત્ર તથા જાતિઓ કેળવણીને સ્પર્શી જ રહી છે તેમ પ
પ્રમાણમાં આવરી લેવી. આપણા વિકાસ કાર્યક્રમનો એક અગ્રિમતા અંદરના ક્ષેત્રોમાં ચાલો, સા
રહી ગયેલાને આવરી લો એ હોવી જોઇએ. દા.ત. સીદીઓ, કચ્છની આદિવાસી જાતિઓ, જ
વારલી, કોળી, પઢાર, રાઠવા માટે અલગ આશ્રમશાળાઓ હોવી જોઇએ. એમને માટે જ અ આ
કાર્યક્રમ કરી ત્યાં જ વધુ ધ્યાન કેન્દ્રીત કરવું. (બીજા ભલે એમાં આવે) બનાસકાંઠા, પંચમ ન
ડાંગ આદિ પર વધુ ભાર મૂકાવો જોઇએ. થા

શિક્ષકોને માટે શિક્ષા સુધારની યાંત્રિકીમાં, આદિવાસી અર્થતંત્રમાં, શિક્ષા પ્રબંધમાં, સમાજ સુદ
આગેવાની માટે દસ દસ દિવસની તાલીમ બહુ આવશ્યક છે. તોજ એમને ભાન થશે એઓ જે
તે છેવટ કેટલું ઊગે છે, કેમ નથી ઊગતું તથા ઊગાડવું હોય તો શું કરવું અમે આ વર્ગો તૈયા જો
કરવા તૈયાર છીએ. શિક્ષકો તથા બીજા બધા કાર્યકરો માટે/બોલીના આદિવાસી ભણવા પૂરતું જ્ઞાન આવશ્યક છે. આને માટે તેમને પુસ્તકો પુરા પા સ
એક પરીક્ષા લઇએ, એ ફરજીયાત હાલ પુરતી ન હોય જે પાસ થાય તેમાથી સર્વોચ્ચ દસને
આપીએ. અમે મધ્યપ્રદેશમાં આ કર્યું છે. એમાં ખાસ ખર્ચ નથી આવતો એક વાતાવરણ બને છે
સારું સાધન પ્રાપ્ત થાય છે.

શિક્ષકોની શાળાઓમાં ઉપસ્થિતિ બરાબર હોતી નથી ઘણાં મોડા આવે છે. આને માટે
આપણી નિરિક્ષણની વ્યવસ્થા મજબૂત કરવી જોઇએ. પંચાયતોનું આ કાર્ય છે તે બરાબર કરાવ
પંચાયત સભ્યો, પ્રમુખ આદિને શિક્ષા સુધારની યાંત્રિકી આદિની તાલીમ જરુરી છે.

હું તો પંચાયત સભ્યો, નિરિક્ષક ગણ, ગામમાંથી ભણેલા આદિવાસીઓ તથા સેવાભાવી સં
કાર્યકર્તાઓનું એક સ્થાયી વાલી મંડળ બનાવવા સુઝાવ આપું જેમ મોનીટરીંગ સતત હોય. જને મદદ
કરવા તકેદારી મંડળ હોય તેવું પણ વધુ ચલિત, નાના ક્ષેત્રો માટે આવું મંડળ હોવુંજ જોઇએ.
જેનું કામ ભરતી, હાજરી, પહેલામાંથી આગળ ચાલવું, બાલવાડી નિરિક્ષણ, પ્રૌઢ શિક્ષાવર્ગ નિરિક્ષ
હોય એમને નિરિક્ષણના ફોર્મ આપી દેવાય. એમને પ્રવાસના પૈસા આપી શકાય, ઓછા ખર્ચે ઘ
કામ થશે આવી કોઇ સંસ્થાકીય રચનાથી જ અપવ્યય અટકશે. બધાં વાલી મંડળોનું એક રાજ
વાલી મંડળ શિક્ષા/ આદિવાસી મજૂર કલ્યાણ વિભાગ સાથે સબંધિત હોય. એ રાજ
-ભરના કંટ્રોલ રુમનું કાર્ય કરશે.

આશ્રમશાળાઓ સારું કામ કરે છે. એટલે વધુ આશ્રમશાળાઓ હોવી જોઇએ એ નિર્વિવાદ
સાથે સાથે બેચાર ગામના જૂથો માટે એક નાનકડી કેન્દ્રીય શાળા, અમારા કુલનાયકજીએ સુઝાવ
છે તેવી હોય જ્યાં રહેવાની વ્યવસ્થા હોય, ખાવાનું થોડું બાળક ઘેરથી લાવે. પણ શકે. કેવળ શાળા શિક્ષક રા
હોય તેમની દેખરેખ રાખે. આશ્રમ શાળા કરતાં ખર્ચ ઓછો આવશે પણ કામ તેનુંજ સારશે.

આવી બેચાર કેન્દ્રીય શાળાઓ એક આશ્રમ શાળાને બાળકો પુરા પાડે તથા આશ્રમશાળા
સંકુલના સદસ્ય બને આશ્રમશાળા આવી કેન્દ્રીય શાળા મારફતે નાનીશાળાઓને પહોંચે તેમને
શૈક્ષણિક માર્ગદર્શન આપે. બાળકોની શિક્ષકોની હાજરી ઉપર નજર રાખે તથા બીજા પ્રશાસકિય
કામો પણ કરે. આશ્રમશાળાને જોઇતો સ્ટાફ આપી શકાય.

આશ્રમશાળા સંસ્થા તરીકે સ્થિર થઇ છે. એણ જમીનમાં મૂળિયાં નાખ્યાં છે એ સમાજમાં પહોંચવા માંડી છે. અને હવે આપણ Community School માં પણ ફેરવવા માંડીએ. સમાજની નાની નાની જરૂરિયાતો, ખેતી સલાહની, વિસ્તરણની, દવાદારૂની, આનંદપ્રમોદની જરૂરિયાત એ પૂરી પાડે. બેન્કમાથી લોન લેવી હોય કે વિકાસ યોજના વિષે જાણવું હોય તો આદિવાસી પાલક અહીંથી માર્ગદર્શન લે( અને તો પોતાનું બાળક ભણતું હોય એટલે આવવું ગમે, ન ભણતું હોય તો એમ થાય કે આ તો સારું કામ કરે છે. બાળકને પણ ભણાવીએ એવું મન થાય! ) થોડા મૂડીરોકાણે આપણી ખરી સમાજ શિક્ષા છેક સમાજના અને જીવનના સમાડા સુધી લઇ જઇ શકીશું.

સમગ્ર જિલ્લા આશ્રમશાળાઓનું વાર્ષિક સંમેલન, બીજી હાઇસ્કૂલો સાથે સ્પર્ધા પણ રખાવા જોઇએ. અહીંથી રમતગમત તથા અન્ય કૌશલ્ય બહાર આણવી જોઇએ. આ બધું પણ હવે શિક્ષાની સંરચનામાં આવી જવું જોઇએ.

...

આદિવાસી વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના સામાજિક કાર્યકરોનું સંમેલન તા. ૧૭ માર્ચ ૧૯૭૯

## આશ્રમશાળાઓનો આદિવાસી સમાજના વિકાસમાં ફાળો

- કાદમ્બરીબહેન દવે

ગુજરાતના દુર્ગમ વિસ્તારો, જંગલો અને ગીરીકંદરાઓમાં નિવાસ કરતી લગભગ ૩૭ લાખ
આદિવાસીઓ છે. જે રાજ્યની કુલ વસ્તીના ૧૩.૯૯ ટકા થાય છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ
આદિવાસીઓમાં ૧૪.૧૨ ટકા આદિવાસીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. જેમાં પુરુષોની સંખ્યા ૧૧.૯ અને
સ્ત્રીઓમાં માત્ર ૩.૩ ટકા છે.

ઉપરોક્ત આંકડાઓ અલ્પ શિક્ષણનું પ્રમાણ દર્શાવે છે. આઝાદી પહેલાં આદિવાસીઓના આર્થિક,
સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે આયોજિત પ્રયાસો થયા ન હતા. પરંતુ ભિન્ન ભિન્ન સેવા
ભેખધારીઓએ સામાજિક સેવા સંસ્થાઓ દ્વારા ઉત્કર્ષનો પ્રયાસ કર્યો હતો. જેમાં ઠક્કર બાપાનું
નામ ચિરસ્મરણીય છે. તેમણે પંચમહાલ જિલ્લામાં સેવાનું કાર્ય કરી પ્રજાના ઉત્કર્ષનો પ્રારંભ કર્યો હતો.
આ ઉપરાંત શ્રી ડાહ્યાભાઈ નાયક, શ્રી જુગતરામ દવે, શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંત, વગેરે અનેક સામાજિક
સેવકોએ કરેલા પ્રયાસોને પણ વિસારી શકાય તેમ નથી. આદિવાસી સમાજના વિકાસમાં સામાજિક
સંસ્થાઓએ જે કાર્યો કર્યા છે તેનું મૂલ્યાંકન આશ્રમશાળાઓના સંદર્ભમાં કરવાનું છે.

સ્વતંત્રતા બાદ વિકાસ માટે વિવિધલક્ષી પ્રયાસો અને આયોજિત વિકાસ કાર્યક્રમો યોજાયા છે.
આદિવાસી વિસ્તારમાં પણ શૈક્ષણિક ઉત્કર્ષ માટે વિવિધ પ્રાથમિક શાળાઓની સ્થાપના કરવામાં આવી.
પરંતુ આ શાળાઓ પાછળ જ બગાડ અને સ્થગિતતા તેમજ ધીમો વિકાસ જોવા મળ્યો તેને અનેક
વિશેષજ્ઞોને ચિંતાથી ઘેરી લીધા. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતો અપવ્યય અને સ્થગિતતા શિક્ષણશાસ્ત્રીઓ,
વહીવટકર્તાઓ, સમાજ સુધારકો અને આયોજનકારો માટે ઘેરી ચિંતાનો વિષય બન્યો. જુદા જુદા
રાજ્યોમાં થયેલા અભ્યાસો દર્શાવે છે કે ૬૦ ટકા વિદ્યાર્થીઓ પાંચમા ધોરણ સુધી પહોંચતા પહેલાં
અભ્યાસ છોડી દે છે. ૪૦ ટકા કરતાં ઓછા વિદ્યાર્થીઓ પાંચમા ધોરણ સુધી પહોંચે છે. આવા
ધીમા વિકાસ અને બગાડ તેમજ સ્થગિતતા માટે કયાં પરિબળો જવાબદાર છે તેનો અભ્યાસ કરવા
માટે સમિતિઓ નીમવામાં આવી હતી. જેમાં રેણુકા ર સમિતિ, એલ્વીન સમિતિ અને ઢેબર કમિશન
વગેરેના સૂચનો આ ક્ષેત્રે નોંધપાત્ર છે. તેઓએ આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક ઢબ સુધારવા
માટે આશ્રમશાળાઓનું સૂચન કર્યું. એટલું જ નહીં આશ્રમશાળાઓની ભૂમિકા ઉપર
ખૂબ ભાર મૂક્યો. અન્ય વિશેષજ્ઞોએ પણ બગાડને અને સ્થગિતતામાં સામાજિક, આર્થિક પરિસ્થિ

કારણભૂત ગણાવી છે. જે આશ્રમશાળા તરફ જ અંગુલી નિર્દેશ કરે છે. આશ્રમશાળા આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો પ્રચાર કરવામાં અમૂલ્ય ફાળો આપનાર ઉત્તમ શૈક્ષણિક સંસ્થા છે. આદિવાસી સમાજના વિકાસમાં જે અમૂલ્ય ફાળો આપ્યો છે તેને ધ્યાનમાં રાખી આશ્રમશાળાની ચર્ચા કરીશું.

આશ્રમશાળા :

આશ્રમશાળાનો ખ્યાલ પ્રાચીન સાહિત્યમાં જે રીતે નિરુપાયેલો છે તેના કરતાં ભિન્ન સ્વરૂપની આશ્રમશાળાઓ છે છતાં હાર્દ સમાન છે. પ્રાચીન આશ્રમશાળાઓ પણ માનવવસ્તીથી દૂર જંગલમાં આવેલી હતી. જ્યાં વિદ્યાર્થીને રહેવા, જમવાની પૂરતી સગવડ આપવામાં આવતી અને સમાજ સંસારથી દૂર એવું સ્વચ્છ શૈક્ષણિક વાતાવરણ પુરું પાડવામાં આવતું. જે શાળાઓ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધવામાં ધ્યાન કેન્દ્રિત કરતી.

આદિવાસી સમાજમાં આવેલ આ આશ્રમશાળાઓ અન્ય શાળાઓ કરતાં વિશિષ્ટ છે. જે વિના મૂલ્યે ખાવાનું, રહેવાનું પુરું પાડે છે. આ આશ્રમશાળાઓએ સ્થાયી વસવાટી શાળાઓ છે. જે વિદ્યાર્થીઓ શૈક્ષણિક સગવડો તેમજ રહેવા ખાવાની સગવડો પૂરી પાડે છે. આર્થિક રીતે પછાત આદિવાસીઓને આર્થિક બોજામાંથી મુક્ત કરી બાળકની રહેવા, ખાવાની અને ભણવાની સગવડ ઉપાડી લઇ રાહત આપતી સંસ્થા છે. બાળકોની જવાબદારીમાંથી માતા-પિતાને રાહત આપે છે એટલું જ નહીં પણ ઉત્તમ વ્યક્તિ બનીને સ્વાવલંબી બનવામાં મદદરૂપ બને તેવું શિક્ષણ આપવાની અમૂલ્ય સંસ્થા છે. બાળક સવારના પાંચ વાગ્યે ઉઠે ત્યારથી રાતના દસ વાગ્યા સુધી શારીરિક અને બૌધ્ધિક કાર્યો સાથે ઓતપ્રોત બને છે. માતા-પિતા અને બાળકોને શૈક્ષણિક પ્રેરણા પૂરી પાડતી છતાં આર્થિક રાહત આપતી સંસ્થા છે. શિક્ષણને યોગ્ય વાતાવરણ પૂરું પાડી સર્વાંગી વિકાસ સાધતી આશ્રમશાળાનું મૂલ્ય તેઓના સમાજમાં ઘણું છે. ટૂંકમાં કહીએ તો વિદ્યાર્થીને આર્થિક રાહત આપતી, વિવિધ વિષયોનું જ્ઞાન આપતી, વ્યવસાયલક્ષી તાલીમ આપતી, સ્વાવલંબી બનાવવાનું કાર્ય કરતી, વિશિષ્ટ, ઉત્તમ અને અમૂલ્ય સંસ્થા આશ્રમશાળા છે.

આશ્રમશાળાનું સ્વરૂપ અને કાર્ય :

આદિવાસી વિસ્તારમાં પથરાયેલ આશ્રમશાળા સ્થાનિક વસવાટશાળા છે. જ્યાં વિદ્યાર્થીઓને રહેવાની, ખાવાની સગવડ મળે છે તથા પુસ્તકો, પાટીપેન, પેન્સિલ, ગણવેશ, કપડાં ધોવાનો સાબુ, ઓઢવા માટેના ધાબળા વગેરેની સગવડ પણ આપવામાં આવે છે. આ આશ્રમશાળા દસથી પંદર માઇલ વિસ્તારને આવરી લેવાય તે રીતે કેન્દ્રમાં ઊભી કરવામાં આવે છે. આ આશ્રમશાળાનું સંચાલન જે તે વિસ્તારની સ્થાનિક સેવા સંસ્થાઓ દ્વારા થતું હોય છે. સરકાર આવી આશ્રમશાળાઓના નિભાવ માટે નેવું ટકા ખર્ચ આપે છે અને બાકીનું દસ ટકા સેવા સંસ્થાઓ ભોગવે છે.

આશ્રમશાળામાં વિદ્યાર્થીની સંખ્યા કુલ ૧૨૦ ની નિશ્ચિત કરવામાં આવી છે. જેમાં ૬૦ છોકરા અને ૬૦ છોકરીઓને પ્રવેશ આપવામાં આવે છે. અહીં પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધીના વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં વિવિધ વિષયોનું જ્ઞાન આપવામાં આવે છે. તે ઉપરાંત વ્યવસાયલક્ષી તાલીમ પણ આપવામાં આવે છે. વ્યવસાયોમાં ખેતી, કાંતણ, વણાટ, દરજીકામ,

સુથારીકામ, લુહારીકામ, માટીકામ, બાગકામ, નેતરકામ, વાંસકામ વગેરે અનેક ઉપયોગી ગૃહોદ્યોગો શીખવવામાં આવે છે. ગૃહોદ્યોગો ઉપરાંત શ્રમશિબિરો દ્વારા કૂવા, રસ્તાઓ, જેવાં કાર્યોથી પણ પરિચિત કરવામાં આવે છે. આશ્રમશાળાનું ધ્યેય શિક્ષણનો પ્રસાર કરી અજ્ઞાનતા દૂર કરવાનું તો છે જ. સાથો સાથ વિદ્યાર્થીને સ્વાવલંબી બનાવવાનું ધ્યેય પણ છે જ. જેને માટે વ્યવહારિક ગૃહોદ્યોગો અને ખેતી શીખવવામાં આવે છે. શિક્ષણ બોજારૂપ ન બને તે માટે વિદ્યાર્થીની તમામ જવાબદારી ઉપાડી લેવાનું ધ્યેય ધરાવે છે. જેથી વિદ્યાર્થી અને તેના વાલી બંનેને પ્રેરણા મળે અને શિક્ષણનો ફેલાવો થઇ શકે.

આશ્રમશાળાઓ સાથે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ પણ શરૂ કરવામાં આવી છે. ઉત્તર બુનિયાદી શાળામાં ધોરણ આઠથી ૧૦ સુધીના વર્ગો હોય છે. આદિવાસી વિસ્તારના સાત ધોરણ સુધી ભણેલા વિદ્યાર્થીઓને તે જ પ્રકારનું શિક્ષણ મળે તે માટે અહીં આગળ અભ્યાસ કરવાની સગવડ મળી રહે છે. આ શાળાના વિદ્યાર્થીઓ પ્રમાણમાં મોટા હોવાથી વધુ રચનાત્મક કાર્યો કરી શકે છે અને સમાજના ઉત્કર્ષમાં વધુ ફાળો નોંધાવે છે. આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી શાળાઓ આદિવાસી વિસ્તારમાં સામાજિક કાર્યો કરે છે. વિકાસમાં મહત્વનો ફાળો નોંધાવે છે. તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓમાં અને ઉત્પાદક પ્રવૃત્તિઓમાં મહત્વની કામગીરી બજાવતી અગત્યની અને વિશિષ્ટ સંસ્થા છે. સામાજિક પરિવર્તન લાવવામાં તેનો ફાળો અમૂલ્ય છે.

આશ્રમશાળાનાં કાર્યો જોઇએ તો બાળકનો સર્વાંગી વિકાસ સાધે છે. બાળકો અને માતા- પિતાને આર્થિક રાહત પૂરી પાડવાનું કાર્ય કરે છે તેમજ આધુનિક કેળવણી આપવાનું વ્યવસાયિક તાલીમ આપવાનું, સ્વચ્છ, સુઘડ અને જાગરૂક વ્યક્તિત્વ ઉપસાવવાનું કાર્ય આશ્રમશાળાઓ કરે છે. આશ્રમ-શાળાના વિદ્યાર્થીને અભ્યાસની ટેવ પડતાં આગળ અભ્યાસ ચાલુ રાખવાની ઇચ્છા ધરાવે છે. શિક્ષિત બાળકો પોતાના સમાજ અને ગામમાં સારાં કાર્યો કરી વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે.

ઉત્તમ ખેતી કેવી રીતે કરાય, ખેતીની નવી પધ્ધતિ શીખવવાનું, રાસાયણિક ખાતરો, સુધારેલ બિયારણો, નિંદામણ, સિંચાઇ એક કરતાં અનેક વખત પાક લેવા, જમીનની જાળવણી વગેરે શીખવવાનું કાર્ય કરી આર્થિક ઉત્કર્ષ સાધવાનું કાર્ય પણ કરે છે. વિવિધ ઉપયોગી ઓજારો બનાવવાનું અને તેને વાપરવાનું શીખવે છે. ગોપાલનના કાર્ય દ્વારા પશુની માવજત અને તેની ઉપયોગીતા શીખવે છે. તે ઉત્પાદનલક્ષી આજીવીકાનું સાધન છે તેવું વલણ વિકસાવવામાં ફાળો આપે છે. ટૂંકમાં વ્યક્તિનો, સમાજનો, અર્થવ્યવસ્થાનો સર્વાંગી વિકાસ સાધવાનું કાર્ય આશ્રમશાળા કરે છે. આમ માત્ર તે શૈક્ષણિક સંસ્થા જ નહીં પણ અન્ય ઉપયોગી માહિતીનું પ્રસારણ કરતી પ્રચાર સંસ્થા પણ છે. આવી ઉત્તમોત્તમ આશ્રમશાળા ગુજરાતમાં કેટલી છે અને અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે વિસ્તારવાર તેમની સંખ્યા નીચેના આંકડાઓ પરથી જાણી શકાય છે.

આશ્રમશાળાની આંકડાકીય માહિતી : [૧]

વિભિન્ન અનુસૂચિત જાતિ અને જનજાતિની આશ્રમશાળા દર્શાવતો કોઠો

| ક્રમ | આશ્રમશાળાનો પ્રકાર | આશ્રમશાળાની સંખ્યા | બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | અનુસૂચિતજનજાતિઓ | ૧૩૨ | ૧૪૨૦૦૩ |
| ૨. | વિચરતી જાતિઓ | ૧૩ | ૯૦૯ |
| ૩. | વિમુકત જાતિઓ | ૮ | ૬૯૬ |
| ૪. | સફાઇ કામદાર | ૫ | ૩૨૩ |
| ૫. | પોસ્ટ બેઇઝીક | ૧૯ | ૧૬૧૭ |
| ૬. | કુલ | ૧૭૭ | ૧૭૫૪૩ |

ઉપરોકત દર્શાવેલ આશ્રમશાળાઓમાં થોડા સમય પહેલાં જ બક્ષીપંચે સૂચવેલ જાતિઓ માટે એક આશ્રમશાળા સ્થાપી છે. એટલે કે કુલ ૧૭૮ આશ્રમશાળાઓ વિવિધ જાતિઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે ચાલી રહી છે. જેમાંની મોટા ભાગની બિન સરકારી સંસ્થાઓ ચલાવે છે. આ આશ્રમશાળાઓને બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં સુરત વિસ્તાર કે જેમાં દક્ષિણ ગુજરાતને આવરી લેવામાં આવ્યું છે. બીજા વિભાગને અમદાવાદ વિસ્તાર કહેવામાં આવે છે. આ વિભાગ અનુસાર આશ્રમશાળાઓ આ પ્રમાણે વહેંચાયેલ છે.

અમદાવાદ વિભાગમાં આવેલ આશ્રમશાળાઓ

| ક્રમ | જિલ્લો | આશ્રમશાળા | ઉત્તર બુનિયાદી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | પંચમહાલ | ૨૦ | ૪ | ૨૪ |
| ૨. | સાબરકાંઠા | ૯ | ૩ | ૧૨ |
| ૩. | બનાસકાંઠા | ૪ | ૧ | ૫ |
| ૪. | જૂનાગઢ | ૧ | - | ૧ |
| ૫. | કચ્છ | ૧ | - | ૧ |
| ૬. | અમદાવાદ | ૫ | ૧ | ૬ |
| ૭. | ખેડા | ૩ | - | ૩ |
| ૮. | મહેસાણા | ૨ | - | ૨ |
| ૯. | સુરેન્દ્રનગર | ૧ | - | ૧ |
| ૧૦. | જામનગર | ૧ | - | ૧ |
| ૧૧. | ભાવનગર | ૧ | - | ૧ |
| | કુલ | ૪૮ | ૯ | ૫૭ |

૧. શિક્ષણ નિયામકશ્રીની કચેરીના આધારે

સુરત વિભાગની આશ્રમશાળાઓ

| ક્રમ | જિલ્લો | આશ્રમશાળા | ઉત્તર બુનિયાદી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ભરૂચ | ૨૩ | ૨ | ૨૫ |
| ૨. | સુરત | ૩૯ | ૪ | ૪૩ |
| ૩. | વલસાડ | ૩૧ | ૧ | ૩૨ |
| ૪. | વડોદરા | ૧૯ | ૧ | ૨૦ |
| ૫. | ડાંગ | ૧ | - | ૧ |
| | કુલ | ૧૧૩ | ૮ | ૧૨૧ |

ગુજરાત રાજયમાં નિવાસ કરતી આદિવાસી, વિચરતી અને વિમુકત જાતિઓ માટે શૈક્ષણિક વિકાસની રાહતના દર સ્થાપિત થયેલી આશ્રમશાળાઓ સ્વયં પોતાનું મહત્વ સ્પષ્ટ કરે છે. અજ્ઞાનના અંધકારને દૂર કરી આર્થિક વિકાસમાં કદમ મીલાવવા માટેનો આશ્રમશાળાનો પ્રયાસ ખરેખર વંદનીય છે. આર્થિક વિકાસનું પછાતપણું શૈક્ષણિક પછાતપણાને આધારિત છે. જો તેઓનું જીવનધોરણ ઉંચુ લાવવું હશે તો શૈક્ષણિક પછાતપણામાંથી મુકત કરવા જ રહયા. અને તેને માટેનું ઉત્તમ સાધન જ આશ્રમશાળાઓ છે.

આશ્રમશાળાનું મહત્વ :

આજ આશ્રમશાળાની માગ વધતી જાય છે. જે ઉપરના ઉપરોકત આંકડાની વૃધ્ધિ પ્રતિતી કરાવે છે. અને દિનપ્રતિદિન નવી નવી આશ્રમશાળાઓ ખુલતી જાય છે. આદિવાસીમાં રાહતના દરે શિક્ષણ પ્રસાર માટે આશ્રમશાળા જ મહત્વનું સાધન છે. જેના દ્વારા શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ સાધી શકાય છે. તેમજ બગાડ અને સ્થગિતતા અન્ય શાળાઓ કરતાં પ્રમાણમાં ઓછું જોવા મળે છે. જે અનેક સંશોધન અભ્યાસોને આધારે આપણે કહી શકીએ એમ છીએ. આવો જ એક અભ્યાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી હાથ ધરવામાં આવ્યો હતો. જેના તારણમાં બગાડ અને સ્થગિતતાના આંકડાઓ અન્ય શાળાની તુલનામાં આશ્રમશાળાઓના આંકડાઓ નીચેના કોઠામાં જોવાથી સ્પષ્ટ ખ્યાલ આવશે.

આશ્રમશાળા અને પ્રાથમિક શાળાના શિક્ષણમાં બગાડ અને સ્થગિતતા દર્શાવતો કોઠો[1]

| ક્રમ | શાળાઓ | બગાડ | બગાડ અને સ્થગિતતા |
|---|---|---|---|
| ૧. | સામાન્ય પ્રાથમિક શાળાઓ | ૬૧.૨ | ૮૪.૯ |
| ૨. | આશ્રમશાળાઓ | ૪૧.૬ | ૭૧.૬ |

૧. આદિવાસીઓમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતો અપવ્યય અને સ્થગિતતા - મુસ્તાલી મસવી

આ સંસ્થા દ્વારા આદિવાસી વિસ્તારોમાંથી પસંદ કરેલી પ્રાથમિક શાળાઓને કેટલીક આશ્રમશાળાઓનો અપવ્યય અને સ્થગિતતાનો અભ્યાસ તુલનાત્મક રીતે કરવામાં આવ્યો હતો. જેમાં ૧૯૬૭-૬૮માં પહેલા ધોરણમાં દાખલ થયેલા બાળકોને ૧૯૭૦-૭૧ સુધી તપાસી તારણો તારવવામાં આવ્યા હતા. આવો જ બીજો એક અભ્યાસ આંધ્ર પ્રદેશમાં કરવામાં આવ્યો હતો.

ડી.આર. પ્રતાપે આંધ્ર પ્રદેશના આદિવાસી વિસ્તારમાં આવેલ આશ્રમશાળાઓનો અભ્યાસ કર્યો હતો. તેમના અભ્યાસ પાછળનો હેતુ આશ્રમશાળાઓમાં શિક્ષણનો બગાડ અને સ્થગિતતા અને ગેરહાજરી પાછળ કયાં કારણો જવાબદાર છે તે જાણવાનો હતો. તેમના અભ્યાસમાં પણ આદિવાસી વિસ્તારની અન્ય શાળાઓ કરતાં આશ્રમશાળાઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું. આંધ્રમાં ૧૯૬૧માં સૌથી પ્રથમ આશ્રમશાળાની શરૂઆત થઇ ત્યારબાદ ૧૯૬૮ માં આશ્રમશાળાઓની સંખ્યા ૨૨ની થઇ અને ૧૯૭૦ માં ૭૪ની સંખ્યાએ પહોંચી. આ આંકડાઓ આશ્રમશાળાઓની અસરનો પૂરાવો આપે છે. તેમના અભ્યાસમાં મુખ્ય તારણ એ છે કે સામાન્ય શાળાઓ કરતાં આશ્રમશાળાઓ વધુ કાર્યક્ષમ છે. અને આદિવાસી સમાજના વિકાસમાં આશ્રમશાળાઓ એ મહત્વનું સાધન છે.

**આશ્રમશાળા દ્વારા થયેલ વિકાસ :**

ઉપર વર્ણવ્યા મુજબ આશ્રમશાળાનું ધ્યેય આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ સધાય એ હોવાથી ફક્ત બાળકોનો જ નહીં પણ આજુબાજુના વિસ્તારમાં પણ શિક્ષણના પ્રસાર દ્વારા વિકાસ સાધે છે. વ્યક્તિનો શૈક્ષણિક વિકાસ અને વ્યવસાયિક તાલીમ દ્વારા વિકાસમાં યોગદાન આપે છે. સમાજમાં સુઘડ વ્યક્તિત્વનું ઘડતર કરી બાળકો દ્વારા આમુલ પરિવર્તન સર્જે છે. આર્થિક મામલામાં ગોઠવાઇ શકે અને અન્ય સમાજોની તુલના કરી શકે, શોષણ, અન્યાયનો સામનો કરી શકે તેવા સ્વાવલંબી બનાવે છે. વ્યક્તિમાં ઉત્તમ સંસ્કારનું સિંચન કરે છે.

આશ્રમશાળા દ્વારા અણઘડ, મેલાઘેલા બાળકોને સ્વચ્છ, સુંદર અને સુઘડ બનાવવામાં આવે છે. નિયમિત સ્વચ્છતા, વિવેક, આદર શીખવે છે. અજ્ઞાનતા દૂર કરી સમજદારી ખીલવવાનું કાર્ય કરી વ્યક્તિત્વનો વિકાસ કરે છે. વિકસિત અર્થતંત્રનો લાભ લઇ શકે તેવા બાળકોનું સર્જન કરે છે. બાળકો દ્વારા જ જે તે સમાજનો ઉત્કર્ષ સાધવામાં પરોક્ષ સહકાર આપે છે. બાળકોને શૈક્ષણિક રીતે આકર્ષીને વધુને વધુ શિક્ષણનો પ્રસાર કરે છે. શિક્ષણના પ્રચાર દ્વારા આર્થિક ઉન્નતિ સાધવાનું ઉત્તમ કાર્ય કરે છે.

આશ્રમશાળા બાળકનો જ નહીં સમાજનો પણ સર્વાંગી વિકાસ સાધવાનું કાર્ય કરે છે. અંધશ્રધ્ધા, વહેમ, દૂર કરવામાં આર્થિક, વિકાસ સાધવામાં સહાયક છે. ગામને વધુને વધુ સ્વચ્છ બનાવવાની પ્રેરણા પૂરી પાડે છે. આશ્રમશાળા ગામમાં સ્વચ્છતા શિબિરો યોજે છે. રસ્તા કૂવાઓ પણ ગામની મદદથી બનાવવામાં આવે છે. આમ અનેક પ્રકારના રચનાત્મક કાર્યોની અસર બાળકો અને આસપાસના વિસ્તારમાં પડે છે. જેને કારણે માંદગીમાં ભૂવા-ભગત પાસે જતા તેના બદલે ડોકટરો દ્વારા નિદાન થવા લાગ્યું છે. બાળકો સામાન્ય વિજ્ઞાન અને નાગરિકશાસ્ત્રના જ્ઞાન દ્વારા આરોગ્ય વિષેની જૂની પધ્ધતિ બદલી રહ્યા છે. સાંગલી આશ્રમશાળાઓ એક અભ્યાસ સૂચવે છે કે ભૂવા-ભગતનું મહત્વ આજે માંદગીની સેવાઓમાં ઓછું થવા લાગ્યું છે. આશ્રમશાળા દ્વારા વિદ્યાર્થીનો વિકાસ થાય છે અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના સમાજનો વિકાસ થાય છે. અંધશ્રધ્ધામાંથી મુક્ત થતા જાય

છે. અને વિકસિત
સમાજનું આરોગ્ય
થવા લાગ્યું છે.
આશ્રમશાળ
ગૃહઉદ્યોગોની તાલ
ફેલાવે છે. અને
તેમની સમજદારી
અને ઉધ્ધારણીય
આર્થિક
જ્ઞાન દ્વારા થવ
ખેતી વ્યવસાયને
સમાજ ઉપર પડ
અન્ય રીતોના પ્ર
આસપાસના ગામ
ધીરાણ
ગોલમાલને વિકસ
અને પૂછવામાં આ
મુક્તિ તરફ લઇ
સામાજિક વિકાસ
આર્થિક, શૈક્ષણિક
કરવાનાં કાર્યો
સમાનતા, એકતા

**સૂચનો :**

૧. પ્રાથમિક શ
ખોલવામાં આવ
૨. પ્રાથમિક શ
૩. આશ્રમશાળા
આશ્રમશાળા અને
જગ્યાએ જ લગા
વિચારવું જોઇએ
૪. આશ્રમશાળા
આવતો વધુ

છે. અને વિકસિત સમાજના વિભિન્ન સાધનોનો વધુને વધુ ઉપયોગ કરવા લાગ્યા છે. જેથી આદિવાસી સમાજનું આરોગ્ય વિકસવા લાગ્યું છે. સાથે સાથે સમાજમાં પશુવધ અને દારૂનું પ્રમાણ પણ ઓછું થવા લાગ્યું છે.

આશ્રમશાળા સામાજિક જ નહી આર્થિક વિકાસ સાધવાનું કાર્ય કરે છે. અનેક પ્રકારના ગૃહઉદ્યોગોની તાલીમ આપી ગોપાલન દ્વારા પશુધન પણ ઉત્પાદનના કાર્યમાં આવી શકે એવું જ્ઞાન ફેલાવે છે. અને પશુઓનો વધુમાં વધુ આર્થિક ઉપયોગ કરી વધુમાં વધુ આવક કેમ પ્રાપ્ત કરી શકાય તેની સમજદારી કેળવે છે. આ ઉપરાંત આદિવાસી સમાજ માટેની અનેક પ્રકારની વિકાસ યોજનાઓ અને બંધારણીય જોગવાઇઓને સમજી ઝડપી વિકાસ તરફનો દ્રષ્ટિકોણ કેળવે છે.

આર્થિક રીતે સ્વાવલંબી અને વ્યવસાયલક્ષી તાલીમ પૂરી પાડવામાં આવે છે. આ પ્રકારના જ્ઞાન દ્વારા વ્યવહારિક જીવનમાં તેનો વધુમાં વધુ ઉપયોગ કરી જીવનનિર્વાહના સાધન તરીકે ખેતી વ્યવસાયને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી મુલવવાનું શીખવે છે. અને તેની સીધી અસર આસપાસના સમાજ ઉપર પડે છે. અનેક જાતની ખેતીની નવી પધ્ધતિઓ, નવાં સાધનો, નવાં બિયારણો, સિંચાઇની અન્ય રીતોના પ્રયોગો આશ્રમશાળામાં કરવામાં આવે છે. જેને જોવા માટે બાળકોના વાલીઓ અને આસપાસના ગ્રામજનો આવે છે. જેના કારણે આ નવીન પધ્ધતિઓનું જ્ઞાન તેમનામાં આશ્રમશાળા રેડે છે.

ધીરાણ અને શોષણ અંગેની નવી પધ્ધતિઓ વિષે જ્ઞાન ફેલાવે છે. અને શિક્ષણ દ્વારા શાહુકારોની ગોલમાલને વિકસવા દેતા નથી. પોતાનો હિસાબ રાખતા શીખવે છે. તેમજ શિક્ષિત વ્યક્તિઓને આ અંગે પૂછવામાં આવે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને શિક્ષિત વર્ગ આ પ્રકારની શોષણખોરીમાંથી મુક્તિ તરફ લઇ જાય છે. કુટુંબમાં એકાદ વ્યક્તિ શિક્ષિત હોવાથી તે કુટુંબ શોષણમુક્ત બની આર્થિક સામાજિક વિકાસ સાધી ભાવિ પેઢીને શિક્ષણનું માર્ગદર્શન આપે છે. આ રીતે આશ્રમશાળાઓ દ્વારા આર્થિક, શૈક્ષણિક ઉત્કર્ષ સાધવાનું અને તે દ્વારા ભારતીય સમાજના બંધારણના ધ્યેયો સિધ્ધ કરવાના કાર્યો કરે છે. તેમજ વિકસિત સમાજો અને આદિવાસી સમાજ વચ્ચેનું અંતર ઓછું કરી સમાનતા, એકતા અને બંધુતા તરફ આશ્રમશાળાઓ તેજ ગતિએ લઇ જાય છે.

સૂચનો :
------

૧. પ્રાથમિક શાળાઓના પૂરક તરીકે દસથી પંદર માઇલના વિસ્તારમાં આવી કેન્દ્રિય આશ્રમશાળાઓ ખોલવામાં આવે તો શિક્ષણનો પ્રસાર વધુ થઇ શકે.

૨. પ્રાથમિક શાળાઓનો વહીવટ આશ્રમશાળાઓ દ્વારા ચાલે તો પણ વધુ ફરફાર થઇ શકે.

૩. આશ્રમશાળાઓના મકાનો વધુ વ્યવસ્થિત અને વધુ સગવડવાળા બનાવવા જોઇએ. કેટલીક જગ્યાએ આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદીશાળા એક જ જગ્યાએ ચલાવવામાં આવે છે. તેથી સૂવા રહેવાની જગ્યાએ જ વર્ગો ચલાવવામાં આવે છે. તો શિક્ષણકાર્ય માટે અને રહેવા માટે અલગ વ્યવસ્થા વિષે વિચારવું જોઇએ.

૪. આશ્રમશાળામાં હાલ ૧૨૦ વિદ્યાર્થીઓને જ દાખલ કરવામાં આવે છે. આ મર્યાદાને વધારવામાં આવે તો વધુ વિદ્યાર્થીઓને લાભ મળી શકે.

૫. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક વિષયોના જ્ઞાનની સાથે ઉત્પાદનલક્ષીકાર્યો પર વધુ ભાર મૂકાવો જોઇએ. તેમજ તે વિસ્તારના પરંપરાગત જીવનને લક્ષમાં રાખીને વ્યવસાયિક તાલીમ આપવી જોઇએ. અને પ્રાકૃતિક વાતાવરણને ધ્યાનમાં રાખી તેનો જેટલો વધુ ઉપયોગ કરી શકાય તેટલો કરવામાં આવે તો વિદ્યાર્થીઓ અને માતા-પિતાને વધુ ઉપયોગી બની શકે.

૬. આશ્રમશાળામાં શિક્ષકોની સંખ્યા વધારવી જોઇએ તેમજ શિક્ષકોને જેમ સરકારી કર્મચારીઓને આદિવાસી વિસ્તાર ભથ્થુ આપવામાં આવે છે તે પ્રમાણેનું ભથ્થુ આશ્રમશાળાના શિક્ષકોને આપવું જોઇએ. જેથી સારા શિક્ષકો આશ્રમશાળાને મળી શકે.

૭. આશ્રમશાળામાં સ્થાનિક શિક્ષકોની ભરતી કરવી જોઇએ. જેથી બાળકોને તેમની જ માતૃભાષામાં સરળતાથી જ્ઞાન આપી શકે અને જો તે વિસ્તારમાંથી શિક્ષકો પ્રાપ્ત થઇ શકે તેમ ન હોય તો શિક્ષકોને તે વિસ્તારની બોલીથી પરિચિત કરવા જોઇએ. અને તે અંગેની તાલીમ આપવી જોઇએ.

૮. શિક્ષકોની વારંવાર બદલી ન કરવી જોઇએ. એક જ સ્થાન ઉપર ઓછામાં ઓછા ત્રણથી ચાર વર્ષ રાખવા જોઇએ. તેમજ તેમને રહેવાની પૂરતી સગવડ આપવી જોઇએ.

૯. આશ્રમશાળાઓમાં પણ જે બગાડ અને સ્થગિતતા જોવા મળે છે તે માટે બાળકો અને માતાપિતાને આકર્ષણ રહે તેવી વસ્તુના રૂપમાં ભેટ આપવી જોઇએ. જે બાળક આખા વર્ષ દરમ્યાન નિયમિત હાજર રહે તો અમુક અનાજ આપવું જોઇએ.

૧૦. આશ્રમશાળાના સમયમાં સીઝન પ્રમાણે ફેરફાર કરવો જોઇએ. જેથી બાળકો માતાપિતાને આર્થિક રીતે મદદરૂપ થઇ શકે.

૧૧. અભ્યાસક્રમ અને શિક્ષણ આપવાની પદ્ધતિ પણ કંઇક અંશે બગાડ અને સ્થગિતતા માટે જવાબદાર છે તેથી તેમાં પણ શકય તેટલા ફેરફારો કરવા જોઇએ. ૧ થી ૫ સુધી બાળકને વર્ગના ઓરડામાં ગોંધી ન રાખતાં રસમય પ્રવૃત્તિઓ અને ઉત્પાદનલક્ષી પ્રવૃત્તિમાં રોકી શકાય તેવું આયોજન કરવું જોઇએ.

૧૨. આશ્રમશાળામાં જે અભ્યાસક્રમ દાખલ કરવામાં આવે છે તે ભાવિ જીવન સાથે સુસંગત હોવો જોઇએ તેમજ વિકસિત સમાજના સંદર્ભમાં પણ તેનો ઉપયોગ થઇ શકે, તેવો અભ્યાસક્રમ ઘડવો જોઇએ. જેથી ઉચ્ચ શિક્ષણનો લાભ પણ લઇ શકે.

૧૩. જે જાતિઓ ઘણી પછાત હોય કે આદિવાસી સમાજ જેને અસ્પૃશ્ય માનતો હોય તેવી જાતિઓ માટે અલગ આશ્રમશાળાઓ આપવી જોઇએ. જેમ કે કાથોડી જાતિના બાળકો માટે સાબરકાંઠામાં હમણાં આશ્રમશાળા શરૂ કરવામાં આવી છે. તેવી રીતે બીજી અવિકસિત જાતિઓ માટે આશ્રમશાળાઓ સ્થાપવી જોઇએ.

૧૪. ઉત્તર બુનિયાદી શાળાના વિદ્યાર્થીઓને જે સ્કોલરશીપ મળે છે તેમાં વધારો કરવો જોઇએ.

૧૫. આશ્રમશાળામાં બાળકો વ્યવસાયિક તાલીમ દ્વારા જે ઉત્પાદનનું કાર્ય કરે છે તે ઉત્પાદનમાંથી અમુક ટકા બાળકોના માતાપિતાને આપવામાં આવે તો શિક્ષણ તરફનું આકર્ષણ વધતું થાય.

૧૬. આદિવાસી
પૂરતા રમતગમત
પૂર્વભૂમિકા બાંધી
૧૮. આશ્રમશાળ
પૂરાં પાડવા જો
૧૯. વ્યવસાયિ

૧૬. આદિવાસી વિસ્તારમાં વધુ પ્રમાણમાં બાલવાડીઓ ચલાવવી જોઇએ. અને આ બાલવાડીઓમાં પૂરતા રમતગમતનાં સાધનો તેમજ નાસ્તાની વ્યવસ્થા પૂરી પાડવી જોઇએ. જેથી શિક્ષણ અંગેની પૂર્વભૂમિકા બાંધી શકાય.

૧૮. આશ્રમશાળામાં ઉત્પાદનલક્ષી કાર્યક્રમો કરવા માટે પૂરતી જગ્યા અને તેને ઉપયોગી સાધનો પૂરા પાડવા જોઇએ. જેમ કે સિંચાઇ માટે કૂવા, ગોપાલન માટે ગાયો, મકાન વગેરે.

૧૯. વ્યવસાયિક તાલીમ માટે પૂરતા તાલીમબધ્ધ શિક્ષકોની જોગવાઇ કરવી જોઇએ.

...